RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 116* Date: 22.02.2021 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છ મનપામાં સરેરાશ ૪૨ ટકાથી વધુ મતદાનઃ ૨૩મીએ પરિણામ

# છ મહાનગરપાલિકામાં નિરસ મતદાનઃ ભાજપ-કોંગ્રેસ ચિંતાતુર





### રાજકોટમાં આપના કાર્યકરો પર હુમલો થયો, કાર્યાલયમાં તોડફોડ સાથે અનેક જગ્યાએ બોગસ વોટિંગની ફરિયાદ

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના નારણપુરાના અર્બન હેલ્થ સેન્ટર ખાતે પરિવાર સાથે મતદાન કર્યું

ગાંધીનગર,તા.૨૧

રાજયની છ મહાનગરપાલિકા અમદાવાદ, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર,સુરતમાં મતદાન યોજાયું હતું. જેમાં નિરસ મતદાન જોવા મળ્યું હતું. અત્યારે લખાય છે ત્યાં સુધી સરારેશ છ મનપામાં સરેરાશ ૪૨ ટકા મતદાન નોંધાયું છે. છેલ્લા મળતા આંકડા મુજબ અમદાવાદમાં ૩૭.૮૧ ટકા, વડોદરામાં ૪૨.૮૨ ટકા, સુરતમાં ૪૨.૧૧ ટકા જામનગરમાં ૪૯.૬૪ ટકા, ભાવનગરમાં ૪૩.૬૬ ટકા અને રાજકોટમા ૪૫.૭૪ ટકા મતદાન નોંધાયું છે. તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઇ ગયા છે. આ ચૂંટણીનું પરિણામ ૨૩ ફેબ્રુઆરી એટલે કે મંગળવારે જાહેર થશે. ત્યારે ખબર પડશે કે ભાજપ સત્તા ટકાવી રાખે છે કે કોંગ્રેસ પરિવર્તન કરે છે. આ ચૂંટણી પરિણામોની સીધી જિલ્લા-તાલુકા પંચાયતમાં અસર થાય તો નવાઈ નહિ. ૨૮ ફેબ્રુઆરીએ રાજયની જિલ્લા-તાલુકા અને નગરપાલિકાની ચૂંટણીઓ માટે મતદાન થવાનું છે. મહાનગરપાલિકામાં નિરસ મતદાન થવાના કારણે ભાજપ-કોંગ્રેસ સહિત રાજકીય પક્ષો ચિંતાતુર બન્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નારણપુરાના અર્બન હેલ્થ સેન્ટર ખાતે પરિવાર સાથે મતદાન કર્યું હતું. અને ભાજપના જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ભાજપ-કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓએ મતદાન કરી લોકોને ભારે મતદાન કરવાની અપીલ કરી હતી. મુખ્યમંત્રી વિજય રુપાણીએ વોર્ડ નં.૧૦માં અનિલ જ્ઞાન મંદિર સ્કૂલમાં મતદાન કર્યું હતું. અને તેમણે મતદાન બાદ સંબોધિત કરતા જણાવ્યું હતું કે મારી તબિયત માટે પ્રાર્થના કરનાર લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો. ગુજરાતનો રિકવરી રેટ પણ ૯૭ ટકાથી વધારે થઇ ચુક્યો છે. ગુજરાતમાં હવે તમામ દર્દીઓ ઝડપથી રિકવર થઇ રહ્યા છે. કોરોના સંદર્ભે ગુજરાત સરકારે ખુબ જ સારી વ્યવસ્થા કરી છે તેવું હું કહેતો હતો પરંતુ હવે તો મે અનુભવ પણ કર્યો છે. અનુભવના આધારે કહુ છું કે ખુબ જ સારી વ્યવસ્થા છે.

હાલમાં મતદાન મુદ્દે માત્ર જ વિકાસ મુદ્દો છે. કેન્દ્રની સરકાર નરેન્દ્રભાઈના નેતૃત્વમાં વિકાસ આખા દેશનો કરી રહી છે. રાજ્યસરકાર ગુજરાતનો વિકાસ કરી રહી છે. મારા શહેરનો વિકાસ મારા ગામનો વિકાસ મારા જિલ્લાનો વિકાસ ભારતીય જનતા પાર્ટી દ્વારા જ શક્ય છે, ભાજપ અને વિકાસ એક બીજાના પર્યાય છે.

તો મતદાન સમયે અનેક જગ્યાએ બોગસ વોટિંગની ફરિયાદો પણ સામે આવી હતી. રાજકોટ અને વડોદરામાં આપના કાર્યકરો સામ સામે આવતા મામલો ગરમાયો હતો. જયારે અમદાવાદના મેઘાણીનગરના ભગવતી વિદ્યાલય પાસે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામ સામે આવી જતા બોલચાલી થઈ હતી. મેઘાણીનગર પોલીસ અને એસીપી સહિતનો કાફલો દોડી આવ્યો અને લોકોને દૂર કર્યા હતા. તેમજ ધારાસભ્ય બલરામ થાવાણી પણ દોડી ગયા હતા.

૨૦૧૫ની ચૂંટણીની તુલનાએ આ વખતે ૧૦ જેટલા પક્ષો મેદાનમાં છે, ખાસ કરીને આમ આદમી પાર્ટીએ ૪૧૯ જેટલા ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હોવાથી જીતના માર્જીન ઘટવાની સાથે સાથે ભાજપના ઉમેદવારને હારનો પણ ભય સતાવી રહ્યો છે. ૬ મનપાના કુલ ૧૪૪ વોર્ડમાં ૫૭૬ બેઠકો માટે હવે ૨૨૭૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામ્યો છે. જેમાં ભાજપના ૫૭૫, કોંગ્રેસના ૫૬૪, આમ આદમી પાર્ટીના ૪૧૯ અને ૨૨૬ અપક્ષ તથા અન્ય પક્ષોનો સમાવેશ થાય છે.

### હાર્વર્ડ ઈન્ડિયા કોન્ફરન્સમાં ઝારખંડના મુખ્યમંત્રીનું વિવાદાસ્પદ નિવેદન

## આદિવાસી ક્યારેય હિન્દુ નહોતા અને ના તો છેઃ હેમંત સોરેન

### જેએનયુની સ્થિતિ શું છે, બધા લોકો જોઇ રહ્યા છે, વસતી ગણતરીમાં આદિવાસીઓને જગ્યા નથી

રાંચી,તા.૨૧

મુખ્યમંત્રી હેમંત સોરેનએ હાર્વર્ડ ઈન્ડિયા કોન્ફરન્સને વર્ચુઅલ માધ્યમથી સંબોધિત કરી. તેમણે કહ્યું કે આદિવાસી કયારેય હિન્દુ નહોતા અને ના તો હિન્દુ છે. આદિવાસી સમાજ પ્રકૃતિ પૂજક છે અને તેના અલગ રીત-રિવાજ છે. સદીઓથી આદિવાસી સમાજને દબાવામાં આવી રહ્યો છે, કયારેક ઈન્ડિજિન્સ, કયારેય ટ્રાઈબલ તો કયારેય અન્યની અંતર્ગત ઓળખ થતી રહી. પરંતુ આ વખતની વસતી ગણતરીમાં આદિવાસી સમાજ માટે અન્યની પણ જોગવાઈ હટાવી દેવામાં આવી છે.

હેમંત સોરેને કહ્યું કે વસતી ગણતરીમાં આદિવાસીઓ માટે કોઇ જગ્યા નથી. પાંચ-છ ધર્મોને લઇ એ બતાવાની કોશિષ કરાઇ છે કે તેમણે તેમાંથી જ એકને પસંદ કરવી પડશે. તેમણે કહ્યું કે રાજ્ય સરકારે કેન્દ્રને આગ્રહ કર્યો કે આગામી વસતી ગણતરીમાં આદિવાસી સમૂહ માટે અલગ કોલમ હોવી જોઈએ, આથી તેઓ પોતાની પરંપરા અને સંસ્કૃતિને સંરક્ષિત કરીને આગળ વધી શકે.

મુખ્યમંત્રી હેમંત સોરેને વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ૨૦૨૧નું વર્ષ નિમણૂકનું વર્ષ જાહેર કર્યું છે. જેપીએસસી સહિતની ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. તેના માટે નિયમાવલી બનાવીને આગળ પગલાં ભરી રહ્યું છે. તેમણે ભાજપની વિચારધારા પર કટાક્ષ કરતાં કહ્યું કે ૮૯ વર્ષના એક સામાજિક કાર્યકર્તા ફાધર સ્ટેન સ્વામીને જેલમાં બંધ રાખ્યો છે. જે વ્યક્તિની યાદશક્તિ જતી રહે છે, વ્યવસ્થિત બોલી નથી શકતો, તેને દેશદ્રોહના કેસમાં જેલમાં રખાય છે. મુખ્યમંત્રીએ કહ્યું કે જેએનયુની સ્થિતિ શું છે, એ બધા લોકો જોઇ રહ્યા છે. તેના પર કેટલાંક નેતાઓ એવા આરોપ લગાવે છે પરંતુ તેઓ સંઘર્ષ કરનાર વ્યક્તિ છે, આવી કોશિષને હવે આદિવાસી સમાજ સફળ થવા દેશે નહીં. તેમણે કહ્યું કે દુનિયાભરમાં આદિવાસીઓની ઓળખ બની રહે તેના માટે તેમણે જે પણ ભૂમિકા નિભાવાની જરૂર પડશે તેના માટે તેઓ તૈયાર છે. સાથો સાથે તેમણે હાર્વર્ડ ઈન્ડિયા કોન્ફરન્સના આયોજકોના પ્રત્યે પણ આભાર વ્યક્ત કર્યો અને તેમના મંતવ્યોને આમંત્રિત કર્યા.



### પાંચ કરોડની ડિફેન્સ લોન આપશે ભારત

## ભારતે માલદીવ સાથે પાંચ કરોડ ડોલરના સંરક્ષણ લોન કરાર પર હસ્તાક્ષર કર્યા

ન્યુ દિલ્હી,તા.૨૧

ભારતે માલદીવ સાથે પાંચ કરોડ ડોલરના સંરક્ષણ લોન કરાર પર પણ હસ્તાક્ષર કર્યા છે, જે આ ટાપુ રાષ્ટ્રમાં શિપિંગ ક્ષેત્રે ક્ષમતા નિર્માણ સુવિધાઓને વેગ આપશે.



ભારતીય વિદેશ પ્રધાન એસ જયશંકરે રવિવારે એક નિવેદનમાં કહ્યું હતું કે ભારત હંમેશા માલદીવનો વિશ્વસનીય સુરક્ષા ભાગીદાર રહેશે. ભારતે માલદીવ સાથે પાંચ કરોડ ડોલરના સંરક્ષણ લોન કરાર પર પણ હસ્તાક્ષર કર્યા છે જે આ ટાપુ રાષ્ટ્રમાં શિપિંગ ક્ષેત્રો ક્ષમતા નિર્માણ સુવિધાઓને વેગ આપશે.

બે દિવસીય મુલાકાતે માલદીવ ગયેલા વિદેશ મંત્રી જયશંકરે માલદીવના સંરક્ષણ પ્રધાન મારિયા દીદીને મળ્યા હતા. તેમણે ટ્વિટ કર્યું હતું કે, સંરક્ષણ પ્રધાન મારિયા દીદી સાથે સંયોજનપૂર્ણ મુલાકાત થઈ હતી. અમારા સંરક્ષણ સહયોગ પર ઉપયોગી આદાનપ્રદાન થયું. ભારત હંમેશા માલદીવનો વિશ્વસનીય સુરક્ષા ભાગીદાર રહેશે. ×

તેમણે કહ્યું, ‘સંરક્ષણ પ્રધાન મારિયા દિદી સાથે યુટીએફ હાર્બર પ્રોજેક્ટ કરાર પર હસ્તાક્ષર કરવામાં ખુશીની વાત છે. આ માલદીવની કોસ્ટગાર્ડ ક્ષમતાને વધારશે અને પ્રાદેશિક એચએડીઆર પ્રોજેક્ટને મદદ કરશે. વિકાસમાં ભાગીદારો, સુરક્ષામાં ભાગીદારી પણ વધશે. ×

મહત્વનું છે કે માલદીવએ હિંદ મહાસાગરમાં ભારતનું પાડોશી દેશ છે અને ચીનના દેવા હેઠળ દબાયેલું છે, પરંતુ ભારતની લોકતાંત્રિક સરકારનું સમર્થન કરતા પ્રમુખ સત્તામાં આવ્યા પછી હવે ફરીથી ભારત સાથે માલદીવના સંબંધો સુધરી રહ્યા છે.

### પૂર્વ લદ્દાખનો બાકી વિસ્તાર પણ ખાલી કરોઃ ભારતે ચીનને કહ્યું

## ભારત-ચીન વચ્ચે ૧૨ કલાક ચાલી મંત્રણાઃ પૂર્વ લદ્દાખમાં સૈન્ય વાપસી થઈ વાતચીત

ન્યુ દિલ્હી,તા.૨૧

ભારત અને ચીન વચ્ચે ફરી એક વખત સૈન્ય વાતચીત થઇ. આ વાતચીત શનિવાર સવારથી શરૂ થઇને રવિવારે સવારે ૨ વાગ્યા સુધી અંદાજે ૧૬ કલાક સુધી ચાલી. વાતચીત દરમ્યાન ભારતે પૂર્વ લદ્દાખમાં હોટ સ્પ્રિંગ્સ, ગોગરા અને દેપસાંગ વિસ્તારમાંથી પણ સૈનિકોની વાપસી પર જોર આપ્યું. બંને દેશ પેંગોગ ઝીલના ઉત્તર અને દક્ષિણ છેડેથી ભારત અને ચીનના સૈનિકો, અસ્ત્ર-શસ્ત્રો અને અન્ય સૈન્ય સાધનોને હટાવાની પ્રક્રિયા પૂરી થઇ ચૂકી છે. તેના બે દિવસ બાદ કોર કમાન્ડર સ્તરની ૧૦મા દોરની આ વાર્તા થઇ.

સત્તાવાર સૂત્રોએ કહ્યું ક બેઠક સવારે ૧૦ વાગ્યે વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીનની તરફ મોલ્દો સરહદ વિસ્તારમાં શરૂઆત થઇ જે રવિવાર સવારે ૨ વાગ્યા સુધી ચાલી. તેમણે કહ્યુ કે ભારત આ દરમ્યાન વિસ્તારમાં તણાવ ઓછો કરવા માટે હોટ સ્પ્રિંગ્સ, ગોગરા અને દેપસાંગ જેવા વિસ્તારોમાંથી પણ તેજ ગતિથી સૈન્ય વાપસી પર જોર આપ્યું. બંને દેશોની વચ્ચે સૈન્ય ગતિરોધને નવ મહિના થઇ ગયા છે. સમજૂતી બાદ બંને પક્ષોએ પેંગોંગ ઝીલના ઉત્તર અને દક્ષિણ છેડાના વિસ્તારમાંથી પોત-પોતાના સૈનિકો પાછા બોલાવી લીધા છે. સાથો સાથ અસત્ર-શસ્ત્રો, અન્ય સૈન્ય સાધનો, બંકરો અને અન્ય નિર્માણને પણ હટાવી દીધું છે. સૂત્રોએ કહ્યું કે ૧૦મા દોરની વાર્તામાં ચર્ચાનું મુખ્ય બિંદુ અન્ય વિસ્તારોમાંથી પણ વાપસીની પ્રક્રિયાને આગળ વધારવાનું છે. બંને પક્ષ તેના માટે ચર્ચા કરવા માટે વાર્તા કરી રહ્યું છે. નોંધનીય છે કે પૈંગોંગ સરોવરના ઉત્તરી અને દક્ષિણી કાંઠે સૈન્ય વાપસીની પ્રક્રિયા ૧૦ ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી, જે ૧૮ ફેબ્રુઆરીએ પૂરી કરી લેવામાં આવી છે. ૧૦મા તબક્કાની વાતચીતનું ભારત તરફથી લેફ્ટિનેન્ટ જનરલ પીજીકે મેનને નેતૃત્વ કર્યું હતું. પીજીકે મેનન લેહ સ્થિત ૧૪મી કોરના કમાંડર છે. જ્યારે ચીન પ્રતિનિધિનું મેજર જનરલ લિઉ લિને નેતૃત્વ કર્યું હતું. મેજર જનરલ લિઉ લિન ચીની સેનાના દક્ષિણી શિનજિયાંગ સૈન્ય જિલ્લાના કમાંડર છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યાઃ૨૮૩**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૬૭૧૦૪**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુઃ ૦૧**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૨૬૪**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૬૧૧૦૯**

### કેન્દ્રીયમંત્રી શાહે પરિવાર સાથે અમદાવાદમાં મતદાન કર્યું

## ગુજરાતમાં અંતે વિકાસનો વિજય થશેઃ અમિત શાહ

અમદાવાદ,તા.૨૧

કેન્દ્રીય ગૃહ મંત્રી અને બીજેપી નેતા અમિત શાહ પણ મતદાન કરવા અમદાવાદ પહોંચ્યાં હતાં અને મતદાન કર્યુ. અમિત શાહ પરિવાર સાથે મતદાન કરવા માટે નારણપુરા વોર્ડ પહોંચ્યા હતા. મતદાન કર્યા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રીએ મીડિયા સમક્ષ પોતાની પ્રતિક્રિયા આપી હતી.

અમિત શાહે જણાવ્યું કે, આજે ગુજરાતમાં તમામ મહાનગરપાલિકાની ચૂંટણીથી લઇ જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત અને સ્થાનિક સ્વરાજયની તમામ સંસ્થાઓની ચૂંટણીના આજે શ્રીગણેશ થયા છે. ગુજરાતમાં જયારે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતાં ત્યારથી શહેરી વિકાસ, ગ્રામીણ વિકાસ અને સમગ્રતાથી ગુજરાતના ખૂણે ખૂણાના વિકાસ માટે એક વિકાસ યાત્રા શરૂ થઇ હતી. ચાહે જંગલોના ક્ષેત્ર હોય, પહાડી વિસ્તાર હોય કે શહેર હોય કે ગામ, દરેક જગ્યાએ સર્વસમાવેશી અને સર્વસ્પર્શી વિકાસની શરૂઆત થઇ હતી. અને તે યાત્રા આજે સમગ્ર ભારત માટે અનુકરણીય યાત્રા બની છે.

ભારતમાંથી અનેક રાજ્યો તેમાંથી સંપૂર્ણ વિકાસની પ્રેરણા લઇને આગળ વધ્યા છે. મને ભરોસો છે કે ભારે સંખ્યામાં ગુજરાતના મતદાતાઓ મદતાન કરશે અને અંતે વિજય વિકાસનો જ થશે. નરેન્દ્ર ભાઈના નેતૃત્વમાં ભાજપે સમગ્ર દેશમાં પોતાનો વિજય પરચમ લહેરાવ્યો છે. જયાંથી આ વિજય યાત્રાની શરૂઆત થઇ તે ગુજરાત ફરી એકવાર આ ચૂંટણીઓ પછી ભારતીય જનતાના ગઢ તરીકે પોતાને પ્રસ્થાપિત કરશે.

## તંત્રી સ્થાનેથી...

# કબજીયાતનો અચુક ઈલાજ છે આ ૭ ઘરેલુ

આ ભાગદોડવાળા જીવનમાં પોતાનું ધ્યાન રાખવું મુશ્કેલ બની જાય છે. વ્યસ્ત જીવનશૈલીને કારણે લોકો પાસે વધુ સારી રીતે પોતાનું અથવા કુટુંબનું ધ્યાન રાખવા માટે સમય નથી. એકલા રહેતા લોકો અને વિદ્યાર્થીઓ કોઈ ખાસ કાળજી લેતા નથી. તેમની પાસે કંઈક સારું અને સ્વાસ્થ્યપ્રદ ખાવા માટે પૂરતો સમય નથી. તેવામાં તેઓ બહાર વધુમાં વધુ ખોરાક લેવાનું શરૂ કરે છે. પરંતુ તે અજાણ છે કે બહારની ખાવા-પીવાની આ ખરાબ ટેવથી શરીર પર ખરાબ અસર પડે છે.

આપણું ખરાબ ખોરાક અને પીણું આપણા શરીરને અસર કરે છે. ખોટા ખોરાકને લીધે ધીમે ધીમે અનેક પ્રકારના રોગો મનુષ્યને ઘેરી લેવાનું શરૂ કરે છે. પરંતુ જે સમસ્યાથી આજના લોકો સૌથી વધુ પરેશાન છે તે કબજિયાતની સમસ્યા છે. અંગ્રેજીમાં કબજિયાતને કોન્સ્ટિપેશન કહેવાય છે. આમાં વ્યક્તિનું પેટ સંપૂર્ણપણે સાફ થતું નથી અને તે આખો દિવસ અસ્વસ્થ રહે છે. પેટમાં દુખાવો, અપચો, ચીડિયાપણું, કબજિયાત અને હરસ જેવા ઘણા રોગો જ્યારે નિયમિતપણે પેટ સાફ ન થાય ત્યારે શરૂ થાય છે.

જો તમે પણ કબજિયાતની સમસ્યાથી પરેશાન છો અને તમારું પેટ યોગ્ય રીતે સાફ થતું નથી, તો ટેન્શન લેવાની જરૂર નથી. આજે અમે તમને કેટલાક ઘરેલું ઉપાય જણાવીશું જે તમને પેટ સરળતાથી સાફ કરવામાં મદદ કરશે અને તમે આ સમસ્યાથી કાયમ છૂટકારો મેળવશો. તમારે આ માટે કોઈ દવા લેવાની જરૂર નથી. તે ટીપ્સ કઇ છે, ચાલો જાણીએ.

**પાણી**

એવું કહેવામાં આવે છે કે વ્યક્તિએ દરરોજ ૮ થી ૧૦ ગ્લાસ પાણી પીવું જોઈએ. પાણી પીવું સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. જો તમે કબજિયાતની સમસ્યાથી પરેશાન છો, તો પછી દરરોજ સવારે ઉઠ્યા પછી બે ગ્લાસ ગરમ પાણી પીવો. શરીરમાં પાણીનો અભાવ એ કબજિયાતનું મુખ્ય કારણ છે. ગરમ પાણી પીવાથી શરીરમાંથી વેસ્ટ દૂર કરવામાં મદદ મળે છે.

**લસણ**

વ્યક્તિએ રોજ ખાવામાં રોજ લસણ તો ખાવું જ જોઈએ. જો શક્ય હોય તો દરરોજ ૨ કાચા લસણ ખાવાની ટેવ બનાવો. લસણ સ્ટૂલને નરમ પાડે છે અને તેને તમારી આંતરડામાંથી સરળતાથી બહાર કરવામાં મદદ કરે છે. તેના એન્ટીઇંફ્લેમેશન ગુણધર્મો પેટનું ફૂલાવું પણ ઘટાડે છે.

**મેથી**

મેથી કબજિયાતની સમસ્યા પણ દૂર કરે છે. આ માટે દરરોજ સૂતા પહેલા એક ચમચી મેથીનો પાઉડર નવશેકા પાણીમાં મિક્સ કરો. આ તમને સવારે પેટ સાફ કરવામાં મદદ કરશે. આ સિવાય તમારે દરરોજ દહીંનું સેવન કરવાનો પ્રયાસ કરવો જોઈએ. દહીં તમારા પેટમાં ફાયદાકારક બેક્ટેરિયાની ઉણપને પૂર્ણ કરે છે.

**કિસમિસ**

કિસમિસ કબજિયાત પણ દૂર કરે છે. આ માટે પહેલા થોડી કિશમિશને પાણીમાં પલાળી રાખો અને , થોડા સમય પછી તેનું સેવન કરો. આ કરવાથી, કબજિયાતની ફરિયાદ દૂર થઈ જશે. આ સિવાય જો તમે અંજીરને થોડો સમય પાણીમાં પલાળી રાખો અને તેનું સેવન કરો તો કબજિયાતની સમસ્યા પણ દૂર થાય છે.

**પાલક**

પાલક કબજિયાતના દર્દીઓ માટે એક ઉત્તમ વિકલ્પ તરીકે પણ વર્ણવવામાં આવ્યો છે. દરરોજ તમારા આહારમાં પાલકનો રસ ઉમેરીને તમે કબજિયાતની સમસ્યાથી છૂટકારો મેળવી શકો છો. પરંતુ પથરીના દર્દીઓએ પાલકનો રસ ટાળવો જોઈએ.

**ફળો**

કેટલાક ફળો પણ તમને કબજિયાતની સમસ્યાથી રાહત આપી શકે છે. જામફળ અને પપૈયા કબજિયાતમાં ફાયદાકારક માનવામાં આવે છે. તેથી જો તમે દરરોજ આ ફળો ખાવ છો તો પછી તે તેની અસર બતાવવાનું શરૂ થશે.

### સોમવારથી રાત્રે ૧૧થી સવારે ૬ વાગ્યા સુધી પુણેમાં કર્ફ્યુ

# કોરોનાના વધતા કેસને લઈને પુનામાં નાઈટ કર્ફ્યુ, સ્કૂલ-કોલેજ પણ બંધ



પૂણે,તા.૨૧

કોરોનાના વધતા જતા કેસને ધ્યાનમાં રાખીને પુનાના જિલ્લા વહીવટીતંત્રે નાઈટ ફર્ફ્યુ જાહેર કર્યું છે. જિલ્લામાં રાતના ૧૧ થી સવારે ૬ વાગ્યા સુધી બિન-જરૂરી પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત ૨૮ ફેબ્રુઆરી સુધી શાળાઓ, કોલેજો અને ખાનગી કોચિંગ સંસ્થાઓને બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેસ્ટોરન્ટ પણ રાત્રે ૧ વાગ્યાને બદલે ૧૧ વાગ્યે બંધ થશે.

વહીવટી તંત્રનું કહેવું છે કે નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથેની બેઠક બાદ નિર્ણય લેવામાં આવ્યો છે. કર્ફ્યુના નિર્ણયની ઘોષણા કરતા પૂનાના વિભાગીય કમિશનર સૌરભ રાવે જણાવ્યું હતું કે જિલ્લામાં વાયરસના હોટસ્પોટ્સની ઓળખ થઈ છે. તદનુસાર, કડકતાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આપને જણાવી દઈએ કે દેશના ઘણા ભાગોમાં ફરીથી કોરોના વાયરસને જોર પકડ્યું છે. દરમિયાન, કોરોનાનું આ બીજું સૌથી અસરગ્રસ્ત રાજ્ય મહારાષ્ટ્ર છે. મહારાષ્ટ્રમાં કોરોના કેસ ઝડપથી વધી રહ્યા છે. દરરોજ નોંધાયેલા કોરોના કેસમાં આ અઠવાડિયે અચાનક તેજી જોવા મળી છે. નવા કોરોના કેસના આગમનને કારણે રાજ્યમાં સક્રિય કેસમાં ૨૯ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. શનિવારે રાજ્યમાં સતત ૬૦૦૦ થી વધુ નવા કેસ નોંધાયા છે. શનિવારે રાજ્યમાં કોરોના વાયરસના ૬૨૮૧ નવા કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના વધતા જતા કેસોએ સરકારની ચિંતા વધારી દીધી છે. રાજ્યમાં હવે ૧૨ કલાકનો કર્ફ્યુ લાગુ કરવામાં આવી રહ્યો છે. રાજ્યના રાહત અને પુનર્વસન પ્રધાન વિજય વાડેટ્ટીવારે રવિવારે કહ્યું હતું કે સરકાર ટૂંક સમયમાં આ મામલે નિર્ણય લઈ શકે છે. એટલું જ નહીં, લગ્નોત્સવમાં ૫૦ થી વધુ લોકો માટે ૧ લાખ રૂપિયા સુધીનો દંડ મૂકવાનું પણ માનવામાં આવી રહ્યું છે. વિજય વાડેટ્ટીવારે કહ્યું, 'મહારાષ્ટ્રના ઘણા જિલ્લાઓમાં કોરોના વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. આને કારણે, તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ્સને કોરોના સાથે વ્યવહાર કરવા માટે નિયમોનો કડક અમલ કરવા આદેશ અપાયો છે. તેમને કોરોના સાથેના વ્યવહાર માટે તેમના સ્તરે કડક નિયમો લાગુ કરવાની સત્તા પણ આપવામાં આવી છે.

# કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતે ૫ વીઘા ઘઉંના પાક પર ટ્રેક્ટર ફેરવી નાશ કર્યો

બિજનૌર,તા.૨૧

ઉત્તર પ્રદેશના બિજનોરમાં નવા ૩ કૃષિ કાયદાનો અનોખો વિરોધ જોવા મળ્યો છે. ચાંદપુર ક્ષેત્રના એક ખેડૂતે કાયદાના વિરોધમાં પોતાના ૫ વીઘા ઘઉંના પાક પર ટ્રેક્ટર ફેરવીને તેને નષ્ટ કરી દીધો હતો. આ ઘટનાનો વીડિયો પોતાના ફેસબુક પર વાયરલ કરીને ભાકિયૂના જિલ્લાધ્યક્ષ દિગંબર સિંહે બિજનોરમાં પાક નષ્ટ કરવાનું અભિયાન શરૂ થઈ ગયું છે તેવો દાવો કર્યો હતો.

છેલ્લા ૩ મહિનાથી કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતોનું અભિયાન ચાલી રહ્યું છે. કાયદાના વિરોધમાં પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ઠેર-ઠેર ખેડૂત પંચાયતો યોજાઈ રહી છે. ચાંદપુર તાલુકાના કુલચાના ગામના સોહિત કુમાર નામના ખેડૂતે શનિવારે સવારે ટ્રેક્ટર અને હૈરો લઈને જંગલમાં પોતાની ૫ વીઘા જમીન પર લહેરાઈ રહેલો ઘઉં અને જુવારનો પાક સફાચટ કરી નાખ્યો હતો.

આ અંગે જાણ થતા જ નાયબ તહેસીલદાર બ્રજેશ કુમારે કુલચાના જઈને ઘટના સ્થળની મુલાકાત લીધી હતી અને સોહિત સાથે વાત કરી હતી. સોહિતે પાકનો યોગ્ય ભાવ ન મળવાના કારણે, કૃષિ કાયદાના વિરોધમાં આ પગલું ભર્યું હોવાનો ખુલાસો કર્યો હતો. સોહિતના કહેવા પ્રમાણે સાચી એમએસપી મળવી જોઈએ. મંડીમાં ભાવ અલગ છે અને આડતીયાઓ બીજો ભાવ બતાવી રહ્યા છે. બ્રજેશ કુમારે ખેડૂતોને આ પ્રકારનું કોઈ પગલું ન ભરવા સમજાવ્યા હતા અને તેમાં પોતાનું નુકસાન કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. સાથે જ પોતે ખેડૂતોની વાત શાસન સુધી પહોંચાડશે તેવી ખાતરી આપી હતી.

ભાકિયૂના જિલ્લાધ્યક્ષ દિગંબર સિંહે પોતાના ફેસબુક પેજ પર આ વીડિયો વાયરલ કર્યો હતો. સાથે જ ટેગ લાઈનમાં લખ્યું હતું કે, મોદીજી જોઈ લો ખેડૂતોનું દિલ. બિજનોરમાં શરૂ થયું પાક નષ્ટ કરવાનું અભિયાન. સોહિતે પોતે કૃષિ બિલના વિરોધમાં ઘઉં અને જુવારનો પાક નષ્ટ કર્યો હોવાનું બ્રજેશ કુમારને જણાવ્યું હતું. સોહિતના કહેવા પ્રમાણે પાકની પડતર ઉંચી આવી રહી છે. સરકારે શેરડીના ભાવ નથી વધાર્યા. શેરડીનું વળતર પણ નથી મળી રહ્યું માટે આ પગલું ભર્યું છે.

## કોરોના રસીની રાહ જોઇ રહેલા દેશોને ધીરજ રાખવા સીરમના સીઇઓની અપીલ

પૂણે,તા.૨૧

સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઑફ ઈન્ડિયાના CEO અદાર પૂનાવાલાએ કોવિશીલ્ડ વેક્સીનની રાહ જોઇ રહેલા દેશોને ધીરજ રાખવાની અપીલ કરી છે.

SIIએ ભારતમાં વેક્સિનની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવા કહ્યું છે. સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઑફ ઈન્ડિયા જ કોવિશીલ્ડ રસીનું ઉત્પાદન કરી રહ્યું છે અને ઑક્સફોર્ડ યૂનિવર્સિટી અને બ્રિટિશ-સ્વીડિશ કંપની એસ્ટ્રાજેનકાએ વિકસિત કર્યું છે.

અદાર પૂનાવાલાએ રવિવારની સવારે ટ્વિટ કરીને કહ્યું કે, પ્રિય દેશો અને સરકારો, જેવું કે તમે લોકો કોવિશીલ્ડ વેક્સિનની સપ્લાઈની રાહ જોઇ રહ્યા છે. હું તમે સૌને વિનમ્ર નિવેદન કરું છું કે તમે સૌ ધીરજ રાખો. સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઑફ ઈન્ડિયાએ ભારતમાં વેક્સિનની ભારે જરૂરિયાતોને પ્રાથમિકતા આપવા આદેશ આપ્યો છે. સાથે જ અન્ય દેશોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સંતુલન બનાવવાના પ્રયત્નો કરી રહ્યા છે. અમે પોતાની તરફથી સંપૂર્ણ પ્રયત્ન કરી રહ્યા છીએ.

### પતંજલિની કોરોનિલ દવાને લઇ WHOએ કર્યો મોટો ધડાકો

# કોઈપણ ટ્રેડિશનલ દવાને કોરોનાની સારવારને લઈ સર્ટિફિકેશન કર્યું નથી

જનિવા,તા.૨૧

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનએ સ્પષ્ટતા કરી કે તેમણે કોવિડ-૧૯ની ટ્રીટમેન્ટ માટે કોઈપણ ટ્રેડિશનલ મેડિસિનની અસરનોના કોઇ રિવ્યુ કર્યો છે અને ના તો કોઇને સર્ટિફિકેટ આપ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનું આ નિવેદન પતંજલિ આયુર્વેદનાએ દાવાના લગભગ એક દિવસ બાદ આવ્યું છે. જેમાં કહ્યું હતું કે કોરોનિલ દવાને વિશ્વ આરોગ્ય સંસ્થાની સર્ટિફિકેશન સ્કીમની અંતર્ગત આયુષ મિનિસ્ટ્રીમાંથી સર્ટિફિકેટ મળ્યું છે. હવે વિશ્વ આરોગ્ય સંસ્થાના દક્ષિણ પૂર્વ એશિયાની રીઝનલ ઓફિસે સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી ટ્વીટ કરી છે કે વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોઈપણ ટ્રેડિશનલ દવાને કોવિડ-૧૯ની સારવારને લઇ સર્ટિફિકેશન કર્યું નથી.




પતંજલિ આયુર્વેદના મેનેજીંગ ડાયરેક્ટર આચાર્ય બાલકૃષ્ણએ પણ ટ્વીટ કરી કે કોરોનિલ માટે ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા એટલે કે ડીસીજીઆઇ એ ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ સર્ટિફિકેટ એટલે કે સીપીપી આપ્યું છે. આગળ તેમણે કહ્યું કે પતંજલિ માત્ર લોકોનું કન્ફ્યુઝન દૂર કરતાં એ વાતની સ્પષ્ટ કરવાની કોશિષ કરી રહ્યા હતા અને એ સ્પષ્ટ છે કે વિશ્વ આરોગ્ય સંસ્થા કોઈ પણ દવાને મંજૂર કે નામંજૂર કરતું નથી.

શુક્રવારના રોજ પત્રકાર પરિષદમાં રામદેવે એક વખત ફરીથી કોરોનાની દવા કોરોનિલ લોન્ચ કરી હતી. તેમની સાથે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધન અને પરિવહન મંત્રી નિતિન ગડકરી પણ હાજર હતા. બાબા રામદેવે દાવો કર્યો હતો કે પતંજલિ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટની આ દવા વિશ્વ આરોગ્ય સંસ્થામાંથી સર્ટિફાઇડ છે. દાવો છે કે વિશ્વ આરોગ્ય સંસ્થાએ તેને જીએમપી એટલે કે ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસનું સર્ટિફિકેટ આપ્યું છે. રામદેવે કહ્યું કે આ દવા 'એવિડન્સ બેઝડ' છે. રામદેવે આ અવસર પર એક રિસર્ચ બુક પણ લોન્ચ કરી છે. રામદેવે કહ્યું કે કોરોનિલના સંદર્ભમાં નવા રિસર્ચ પેપર દુનિયાના સૌથી વધુ પ્રભાવવાળા રિસર્ચ જર્નલમાં પ્રકાશિત થઇ ચૂકયા છે. ૧૫ રિસર્ચ પેપર પાઈપલાઈનમાં છે.

# મોટેરા પિંક બોલ ટેસ્ટ: વડાપ્રધાન મોદી-શાહને આમંત્રણ અપાયું

અમદાવાદ,તા.૨૧

બીસીસીઆઇના પ્રમુખ સૌરવ ગાંગુલી ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટ મેચ પહેલા ૨૩ મીએ અમદાવાદની યાત્રા કરી શકે છે. ૨૪ ના રોજ અમદાવાદના નવા મોટેરા સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ડે-નાઈટ પિંક બોલ ટેસ્ટ મેચ રમાવાની છે. આ ટેસ્ટ મેચ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહને પણ આમંત્રણ અપાયું છે. ૨૩ થી ૨૫ સુધી ગાંગુલી અમદાવાદમાં રહેશે તેવી સંભાવના છે. દોઢ મહિના પહેલા ગાંગુલીને હાર્ટ એટેકના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર પછી, તે પ્રથમ વખત જાહેર કાર્યક્રમમાં ભાગ લેશે.

ભારતીય ટીમના આ પૂર્વ કપ્તાને અગાઉ દરેક ઘરની શ્રેણીમાં પિંક બોલ ટેસ્ટ યોજવાની વાત કરી હતી. તેમણે કહ્યું, "દરેક ઘરેલુ શ્રેણીમાં પિંક બોલ ટેસ્ટ જરૂરી છે. દરેક પેઢી પરિવર્તનના તબક્કામાંથી પસાર થાય છે. પિંક બોલ પરીક્ષણ આ સમયગાળામાં ટેસ્ટ ક્રિકેટમાં મુખ્ય ફેરફાર છે. તેની વિશેષતા એ છે કે તે ટેસ્ટ ક્રિકેટને જીવંત રાખી શકે છે. "મને લાગે છે કે અમદાવાદના નવા સ્ટેડિયમમાં દરેકને એક સરસ દશ્ય મળશે." નોંધનિય છે કે, આ મેચ માટે ઉપલબ્ધ બધી ટિકિટો વેચાઈ ચૂકી છે.

નોંધનિય છે કે, જાન્યુઆરીમાં 'હળવા' હાર્ટ એટેક આવ્યા બાદ ગાંગુલીને કોલકાતાની વુડલેન્ડ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેના હૃદયની ત્રણ ધમનીઓમાં અવરોધ જોવા મળ્યો. આ પછી, એન્જીયોપ્લાસ્ટી પછી સ્ટેન્ટ્સ મૂકવામાં આવ્યા હતા. ગાંગુલી હવે સંપૂર્ણ સ્વસ્થ છે અને ફરી એકવાર પોતાની જવાબદારી નિભાવવા માટે તૈયાર છે.

# કોવિડના વધતા કેસ વચ્ચે રાજ્યોને RT-PCR ટેસ્ટિંગ વધારવા કેન્દ્રની સલાહ

ન્યુ દિલ્હી,તા.૨૧

દેશમાં ચાલી રહેલા રસીકરણ અભિયાન દરમિયાન દૈનિક સ્તરે કોરોના સંક્રમણના નવા કેસોમાં ચિંતાજનક વધારો આવી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે દેશના તમામ રાજ્યોને RT-PCR ટેસ્ટિંગ વધારવાની અને મ્યૂટેન્ટ સ્ટ્રેન્સ પર સતત નજર રાખવાની સલાહ આપી છે.

વિતેલા દિવસોમાં દેશમાં કોરોના સંક્રમણના કેસોમાં સતત વધારો નોંધાયો હતો, જેમાં ખાસ કરીને મહારાષ્ટ્ર અને કેરળમાં સ્થિતિ વધુ ગંભીર હોવાના રિપોર્ટ સામે આવ્યા હતા.

આ સિવાય છત્તીસગઢ, પંજાબ અને જમ્મુ-કાશ્મીરમાં પણ દૈનિક સ્તરે નવા કેસમાં ઉછાળો આવ્યો હતો. આ રાજ્યોને RT-PCR ટેસ્ટિંગમાં વધારો કરવાની સલાહ આપવામા આવી હતી અને જે જીલ્લાઓમાં મૃત્યુઆંક વધુ હોય ત્યાં ક્લિનિકલ વ્યવસ્થાઓ માટે તૈયારી કરવાનું પણ કહેવામાં આવ્યું હતું.

દેશમાં કોરોના સંક્રમણની સ્થિતિ ફરીથી ગંભીર બને નહીં એ માટે કેન્દ્ર સરકાર તમામ રાજ્ય સરકારોને સતત નિર્દેશ આપી રહી છે. આ દરમિયાન સ્વાસ્થ મંત્રાલયે જાહેર કરેલા તાજા આંકડાઓ દર્શાવે છે કે મહારાષ્ટ્ર અને કેરળના કેસ દેશના કુલ આંકડાના ૭૪ ટકા હિસ્સો છે. ગત ચાર અઠવાડિયામાં કેરળમાં સરેરાંશ ૪૨થી ૪૩ હજારની વચ્ચે કેસો સામે આવી રહ્યા છે.

મહારાષ્ટ્રની સ્થિતિ પણ ગંભીર બની રહી છે, મુંબઇ સહિત મુખ્ય શહેરોમાં ઠાકરે સરકારે કોવિડ-૧૯ વિરુદ્ધ નિયમોના ફરજીયાત પાલન પર જોર આપી રહી છે. અહીં સુધી કે અનેક શહેરોમાં રાત્રિ કરફ્યુ જાહેર થવાની સંભાવના છે. શહેરોમાં શાળા કોલેજો ફરીથી બંધ કરવાની નોબદ આવી ચૂકી છે. આ પહેલા પણ મહારાષ્ટ્ર કોરોના મહામારીની શરુઆતથી જ ઝપેટામાં આવી ગયું હતું. અહીં સ્થિતિ અંકુશ મેળવતા લાંબો સમય નીકળી ગયો હતો.

# રાજકોટમાં કીર્તિદાન, સાંઇરામ, હેમંત ચૌહાણ,કલેકટરે મતદાન કર્યુ





ગાંધીનગર,તા.૨૦

રાજકોટમાં લોકશાહીના મહાપર્વ સમી રાજકોર મહાનગરપાલિકાની ચૂંટણી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ચાલી રહી છે. વહેલી સવારથી જ પોતાનો અમૂલ્ય મત આપવા માટે તત્પર એવા રાજકોટવાસીઓ મતદાન કરી કરી રહ્યાં છે. જાણિતા લોક ગાયક કીર્તિદાન ગઢવીએ તેમના પત્ની સોનલ ગઢવી સાથે સહજાનંદ શૈક્ષણિક સંકુલ ખાતે મતદાન કર્યુ હતું. આ ઉપરાંત સાંઈરામ દવે, હેમંત ચૌહાણ, કલેકટર, મ્યુ. કમિશનરથી લઈને ભાજપ-કોંગ્રેસના આગેવાનોએ મતદાન કર્યુ હતું. લોકોને મતદાન કરવા અપીલ કરી હતી. રાજકોટમાં જાણિતા હાસ્યકાર સાંઈરામ દવેએ પરિવાર સાથે શહેરની અનિલ જ્ઞાન મંદિર સ્કૂલ ખાતે મતદાન કર્યુ હતું અને જનતાને અપીલ કરતા જણાવ્યું હતું કે, મતદાન કરવું એ આપણો અધિકાર છે અને આપણે અચૂક પણે આ અધિકારને આપણી ફરજ સમજીને મત આપવો જ જોઈએ.

રાજકોટમાં જાણિતા ગાયક હેમંત ચૌહાણે તેમના પત્ની સાથે મતદારોની લાઈનમાં ઉભા રહીને મતદાન કર્યુ હતું.

રાજકોટની જનતાને મતદાન કરવા માટે રાજકોટ જિલ્લા કલેકટર રેમ્યા મોહને અનુરોધ કર્યો હતો કે, મતદાનના આ મહા પર્વમાં સૌ જોડાય અને કોરોનાની માર્ગદર્શિકાનું પાલન કરી મતદાન અવશ્ય કરવું, આ લોકશાહીનું પર્વ છે. જેમાં સૌ એ સહભાગી થવું જોઈએ.મતદારોને રાજકોટ મહાનગરપાલિકાની યોજાનાર ચૂંટણીમાં કોવીડ - ૧૯ ની માર્ગદર્શિકાને ધ્યાને લઈ સોશીયલ ડીસ્ટન્સની સાથે માસ્ક પહેરી મતદાન અવશ્ય કરવા અને ઈલેકટ્રોનિક વોટીંગ મશીનમાં યોગ્ય ઉમેદવારને મત આપ્યા બાદ રજીસ્ટર બટન દબાવી મતની નોંધણી કરવા અપીલ પણ કરી હતી. રાજકોટ મનપાના મ્યુ.કમિશનર ઉદિત અગ્રવાલે તેમના પત્ની શ્વેતા ટીયોટિયા સાથે મહાત્મા ગાંધી પ્રાથમિક શાળા ખાતે મતદાન મથક બહાર લોકોની સાથે કતારમાં ઉભા રહી મતદાન કર્યુ હતું.

રાજકોટ મનપાના પૂર્વ વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠિયાએ તેમના પત્ની સાથે મતદાન કર્યુ હતું.

રાજકોટમાં આજે કોંગી ઉમેદવાર અતુલ રાજાણીએ પરિવાર સાથે મતદાન કર્યુ હતું, છેલ્લા ઘણા વર્ષોથી અતુલ રાજાણી કોંગ્રેસના વોર્ડ નંબર ૩માંથી ચૂંટાઇને કોર્પોરેટર બનતા આવ્યા છે, આ વર્ષે તેમને પક્ષ દ્વારા વોર્ડ નંબર ૨માંથી ટિકિટ આપવામાં આવતા તેઓ કોંગ્રેસના વોર્ડ નંબર ૨ના ઉમેદવાર છે.

ભાજપના ધારાસભ્ય અરવિંદ રૈયાણીએ સામાકાંઠે શાળા નંબર ૭૫ ખાતે મતદાન કર્યુ હતુ. જ્યારે મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખ ભંડેરીએ તેમના પત્ની સાથે બારદાનવાલા સ્કૂલમાં મતદાન કર્યુ હતુ. ભાજપના સિનિયર નેતા નીતિન ભારદ્વાજે મતદાન કર્યુ હતું, તેમણે કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ ખાતે મતદાન કર્યુ હતું, રાજકોટના ધારાસભ્ય ગોવિંદ પટેલે મતદાન કર્યુ હતું. રાજકોટ ભાજપ શહેર પ્રમુખ કમલેશ મીરાણીએ ગોપાલ ચોક ખાતે આવેલા મતદાન મથકમાં મતદાન કર્યુ હતું. ભાજપના તમામ ઉમેદવારોની જીતની આશા વ્યક્ત કરી હતી.

રાજકોટમાં પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ અને વોર્ડ ન.૩ના ઉમેદવાર ગાયત્રીબા વાઘેલાએ વિજયની આશા સાથે મતદાન કર્યુ હતું.

રાજકોટમાં પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ અને વોર્ડ ન.૩ના ઉમેદવાર ગાયત્રીબા વાઘેલાએ મતદાન કર્યું હતું

પડધરી-ટંકારાના ધારાસભ્ય લલિત કગથરાએ પરિવાર સાથે રૈયા રોડ પર આવેલી અનિલ જ્ઞાન મંદિર સ્કૂલ ખાતે મતદાન કર્યુ હતું. તેમણે જણાવ્યું હતુ કે, મતદાનથી સતા પરિવર્તન થાય છે, મતદાનથી લોકશાહી બચે છે માટે લોકશાહી અને દેશને બચાવવા મેં મતદાન કર્યુ છે.ખેડૂત ૫ વર્ષે પાક બદલે છે, એ જ રીતે હવે જનતાને પણ મોકો મળ્યો છે નગરસેવક રૂપી પાક બદલવાનો, તેથી હું રાજકોટની જનતાને રાજસ્થાનની પેટર્ન અપનાવી મતદાન કરે એવી અપીલ કરું છું.

રાજકોટમાં કોંગ્રેસના વોર્ડ નંબર ૭ના ઉમેદવાર અશોક ડાંગરે મતદાન કર્યુ હતું. તેમણે ભગવાનના આશીર્વાદ લઈને મતદાન કર્યુ હતુ. મતદાન કર્યા બાદ તેમણે નાગરિકોને વધુમાં વધુ મતદાન કરવા માટે અપીલ કરી હતી.

રાજકોટ ભાજપના મધ્યસ્થ કાર્યાલયમાં મનપાની ચૂંટણીનો ખાસ વોરરૂમ તૈયાર કરવામાં આવ્યો છે, ભાજપના પૂર્વ સાંસદ અભય ભારદ્વાજની ગેરહાજરીમાં તેમનુ સ્થાન તેમના પુત્ર અંશ ભારદ્વાજ એ લીધુ છે. વોરરૂમમાં ધનસુખ ભંડેરી, હરેશ જોષી સહીત મહાનગરની ચૂંટણી મતદાન અંગેની માહિતી અને ફરિયાદ લઈ રહ્યા છે.

મનપાની ચૂંટણી દરમિયાન ઘણા કોંગી કાર્યકરોમાં રોષ ઉત્પન્ન હતો જેના ફળ સ્વરૂપે આજે કોંગી ઉમેદવાર મનીષાબા વાળા વોર્ડ નં-૨ ના ભાજપ મહામંત્રી દશરથસિંહ વાળા સાથે મતદાન મથક પર દેખાયા હતા,ટૂંક સમયમાં તેઓ ભાજપમાં જોડાઈ શકે છે તેવી અટકળો લગાવવામાં આવી છે.

# યુપીમાં પોલીસ અને કાસગંજ કાંડના આરોપી વચ્ચે અથડામણ: બદમાશ ઠાર

કાસગંજ,તા.૨૧

ઉત્તર પ્રદેશના કાસગંજમાં રવિવારે વહેલી સવારે યુપી પોલીસ અને કાસગંજ કાંડના મુખ્ય આરોપી મોતી વચ્ચે અથડામણ થઈ. આ એક્રાઉન્ટરમાં બદમાશ મોતી માર્યો ગયો. અથડામણ દરમિયાન બદમાશ મોતીને ગોળી વાગી હતી.

એક્રાઉન્ટર દરમિયાન બંને તરફથી અનેક રાઉન્ડ ફાયરિંગ થયું. જેમાં મુખ્ય આરોપી મોતીને ગોળી વાગી. ત્યારબાદ સારવાર માટે મોતીને હોસ્પિટલ ખસેડાયો. જ્યાં તેનું મોત નિપજ્યું. હોસ્પિટલમાં ડોક્ટરોએ બદમાશ મોતીને મૃત જાહેર કર્યો.

અત્રે જણાવવાનું કે એક્રાઉન્ટર બાદ પોલીસે ઘટનાસ્થળેથી લૂંટાયેલી પિસ્તોલ અને એક તમંચો પણ જપ્ત કર્યા છે. બદમાશ મોતી સિપાઈ દેવેન્દ્ર હત્યાકાંડનો મુખ્ય આરોપી હતી. યુપી પોલીસ અને બદમાશ મોતી વચ્ચે એક્રાઉન્ટર કાસગંજમાં સિઢપુરા પોલીસ સ્ટેશન હદના કરથલા રોડ પર થયું. હિસ્ટ્રી શીટર મોતી સાથે પોલીસ અથડામણ રેડ બાદ શરૂ થઈ. જો કે તેના બે ભાઈ ભાગવામાં સફળ રહ્યા.

નોંધનીય છે કે દારૂ માફિયાઓએ કાસગંજમાં પોલીસ ટીમ પર હુમલો કરીને સિપાઈ દેવેન્દ્રને ખુબ માર્યો હતો જેમાં તેનું મોત નિપજ્યું. ત્યારબાદ પોલીસે બદમાશ મોતી પર એક લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. બદમાશ મોતી દારૂ માફિયા હતો. મોતી પર એક ડઝનથી વધુ કેસ થયેલા હતા. ગત ૯ ફેબ્રુઆરીના રોજ દારૂ માફિયા મોતીએ પોતાના સાથીઓ સાથે મળીને દેવેન્દ્રને મારી નાખ્યો હતો. આ હુમલામાં ઈન્સ્પેક્ટર અશોક પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

# અમેરિકાના એરપોર્ટ પર ઉડાન ભર્યા બાદ તુરંત જ વિમાનમાં આગ લાગતા ખળભળાટ

વોશિંગ્ટન,તા.૨૧

અમેરિકાના ડેનવર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી શનિવારના રોજ યુનાઈટેડ એરલાઈન્સ ફ્લાઈટ ૩૨૮એ ઉડાન ભરતા જ કોઈએ વિચાર્યું નહીં હોય કે થોડીક જ મિનિટોમાં એક ખોફનાક દ્રશ્યો સામે આવશે. ઉડાન ભર્યાની થોડીક જ સેકન્ડ બાદ ફ્લાઈટનું એક એન્જિન ફેલ થઈ ગયું અને આગની ઝપટની સાથે સળગવા લાગ્યું. સોશિયલ મીડિયા પર તેનો એક વીડિયો સામે આવ્યો છે તેને જોઈએ રૂંવાડા ઉભા થઈ જશે.

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનએ કહ્યું કે હોનોલૂલી જઈ રહેલ બોઈંગ ૭૭૭ વિમાન ટેકઓફ બાદ તરત જ એક એન્જિન ફેલ થવાના લીધે પાછું ફર્યું. ઉડાન બાદ એન્જિન ફેલ થવાથી તેમાં આગ લાગી હતી તેનો એક વીડિયો એક પેસેન્જરે બનાવ્યો. વીડિયોમાં જોઈ શકો છો કે હવામાં જ એન્જિન આગની જ્વાળાઓથી ઘેરાય છે અને તેનો સામાન કેટલોક નીચે પડી રહ્યો છે. આ દ્રશ્ય પોતાનામાં જ ખૂબ જ ડરામણું છે પરંતુ સારી વાત એ રહી કે પ્લેન ઉડ્યાની ૨૦ મિનિટમાં જ તે પાછું લેન્ડ થઈ ગયું અને કોઈને કોઈ નુકસાન થયું નહીં.

એન્જિન ફેલ થયાની માહિતી પાયલટે તરત જ ગ્રાઉન્ડ કંટ્રોલને આપ્યો અને મેયડેનો કોલ પણ આપ્યો. તો પ્લેનનો સામાન આકાશમાંથી પડ્યો અને ડેનવરથી થોડાંક જ માઈલના અંતર સુધી લોકોના ઘરો સુધી પહોંચી ગયો. બ્રૂમફીલ્ડ પોલીસ ડિપાર્ટમેન્ટે તસવીરો શેર કરી છે જેમાં મોટા-મોટા હિસ્સા ઘરોની બહાર પડતા દેખાઈ રહ્યા છે. જો કે તેના લીધે કોઈને ઈજા પહોંચી નહોતી અને આ સામાનને પાછો લઈ જવામાં આવ્યો છે. આ વિમાનમાં ૧૦ લોકોના ક્રૂની સાથે ૨૩૧ લોકો સવાર હતા. એક પેસેન્જરે કહ્યું કે ઉડાનની થોડીક જ મિનિટો બાદ એક ભયાનક ધડાકો સંભળાયો. તેમણે બારીમાંથી બહાર જોયું તો એન્જિન જ ગાયબ હતું. એ સમયે પ્લેન ૧૦૦૦ ફૂટની ઊંચાઈ પર હતું. સુરક્ષિત લેન્ડિંગ બાદ બધાને નવી ફ્લાઈટથી મોકલવાની વ્યવસ્થા કરાઈ હતી.

# દાદાસાહેબ ફાળકે એવોર્ડ ૨૦૨૧: સુશાંતને મરણોત્તર ક્રિટિક્સનો બેસ્ટ એક્ટરનો એવોર્ડ



મુંબઈ,તા.૨૦

મુંબઈમાં શનિવારે રાત્રે દાદાસાહેબ ફાળકે આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ ૨૦૨૧ યોજાયો હતો. આમાં દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતનું મરણોત્તર સન્માન આપવામાં આવ્યું હતું. તેમને ક્રિટિક્સ બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો છે. નોંધપાત્ર વાત એ છે કે સુશાંત સિંહ રાજપૂત હવે આપણી વચ્ચે નથી. તેમણે ૧૪ જૂન ૨૦૨૦ ના રોજ વિશ્વને અલવિદા કહ્યું. તેણે 'કાઈ પો છે', એમએસ ધોની' અને 'છીછોરે' જેવી ફિલ્મોમાં શાનદાર પ્રદર્શન કરીને દર્શકોનું દિલ જીત્યું હતું. દાદા સાહેબ ફાળકેએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ માહિતી આપી છે. તેમણે સુશાંતની એક તસવીર શેર કરી, જેના પર લખ્યું છે – "ક્રિટિક્સ બેસ્ટ એક્ટર.. દિવંગત શ્રી સુશાંત સિંહ રાજપૂત (૧૯૮૬-૨૦૨૦). આ ફોટાના કેપ્શનમાં લખ્યું છે – "આ સિદ્ધિના માર્ગ પર તમારા દ્વારા બતાવેલ સમર્પણની ઉજવણી. વિવેચક શ્રેષ્ઠ અભિનેતા માટે દાદા સાહેબ ફાળકે આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ એવોર્ડ જીતવા બદલ સુશાંત સિંહ રાજપૂતને અભિનંદન. આપને જણાવી દઈએ કે ગયા વર્ષે સુશાંતનો મૃતદેહ બાંદ્રાના ફ્લેટમાંથી મળી આવ્યો હતો. તેમના મૃત્યુની તપાસ સીબીઆઈ, ઈડી અને એનસીબી દ્વારા કરવામાં આવી રહી છે. ડ્રગ્સ કેસમાં તેમની ગર્લફ્રેન્ડ રિયા ચક્રવર્તીને જેલની સજા ફટકારાઈ હતી. જોકે, તે જામીન પર બહાર છે. આ કેસમાં અનેક ફિલ્મ હસ્તીઓની પણ પૂછપરછ કરવામાં આવી હતી.

આ સ્ટાર્સને મળ્યો એવોર્ડ:

શ્રેષ્ઠ અભિનેત્રી વેબ સિરીઝ – સુષ્મિતા સેન (આર્યા)

શ્રેષ્ઠ અભિનેતા વેબ સિરીઝ – બોબી દેઓલ (આશ્રમ)

પરફોર્મર ઓફ ધ યર – નોરા ફતેહી

બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ – પૈરાસાઈડ





# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની પાંચ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : પ્રેમપત્ર.પ્રેમ ની અભિવ્યક્તિ.પ્રેમ નો એકરાર

..સંપર્ક સૂત્રો.......

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ

યુ ટ્યુબ ચેનલ : janfariyadnews

---

NOG SS No :- 010

પ્રકાર :- ગદ્ય

વિષય :- પ્રેમપત્ર

શીર્ષક :- નણંદને પત્ર

"કેમ છો મોનાબેન ? ચમકી ગયાં ? આ કોણ છે મને પત્ર લખે છે ?હું તો ઓળખતી પણ નથી... એવું જ વિચારતા હશો...હે ને ?આ આખો પત્ર વાંચો.. બધી માહિતી મળી જશે.. અરે તમને જિંદગીની નવી ખુશીઓનો ખજાનો મળી જશે... હવે એવું પણ ના વિચારો આ કોણ મને ખુશીઓનો ખજાનો આપવા માટે આવ્યું છે ?તો ચાલો હું પહેલાં મારી ઓળખાણ જ આપી દઉં.. તમે મને ઓળખતા જ નથી .. પણ હવે કાયમી ઓળખાણ બની જશે.. મેં પણ તમને જોયાં જ નથી.. હા.. તમારો ફોટો જોયો છે.. હું તમારી ભાભી.. દિવ્યા છું.. તમારા ભાઈના લગ્નમાં તમને બોલાવ્યાં નહોતા .. કદાચ તમને ખબર પણ નહીં હોય.. તમારા ભાઈના લગ્ન વિશે.. તમારા ભાઈ પાસેથી જાણવા મળ્યું ઘરનાં બધાં તમારાથી નારાજ છે.. તમારા પ્રેમ લગ્નથી એ વાતને પાંચ વર્ષ થઈ ગયાં..તમે પિયરમાં આવ્યાં જ નહીં ... તમને પણ તમારા મમ્મી પપ્પાને મળવાનું મન થતું જ હશે ને.. પણ ઘરમાંથી કોઈ બોલાવે નહીં તો આપણો પગ પણ ના ઉપડે... એક સ્ત્રી તરીકે સ્ત્રીની વેદના હું સમજી શકું છું... હું આ ઘરની સભ્ય તરીકે તમને આમંત્રણ પાઠવું છું.. આ તમારું જ ઘર છે .. તમે આવો અને તમારા મમ્મી પપ્પાને મળવાની તમારી ઈચ્છા પૂરી કરો... એમને પણ ગુસ્સો હોય... પણ મળવાની ઈચ્છા એમને પણ હોય જ..આ પત્ર મળે તરત જ તમે આપણાં ઘરે પધારો.. આપણા ઘરમાં તમારું ભાવભીનું સ્વાગત છે.. અને હા ... મેં મમ્મી પપ્પાની પરવાનગી લઈ લીધી છે.. તમને ઘરમાં કોઈ કંઈ જ નહીં બોલે... નિઃસંકોચ આ પત્ર મળતાં જ આવજો .. મને પણ મારી પ્યારી નણંદ... પ્રિય સખીને મળવાની ખૂબ ઉત્કંઠા છે...જય શ્રી કૃષ્ણ.."

લિ.

તમારી આતુરતા પૂર્વક રાહમાં તમારી ભાભી દિવ્યા...

પત્ર વાંચતા જ મોના ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી... આજે પાંચ વર્ષ પછી પિયરનું આમંત્રણ હંમણા જ ઊડીને પહોંચવા માટે મન ઉતાવળું થઈ રહ્યું . થોડીવાર પછી શાંત થઈ બંન્ને બાળકોને સાથે લઈને પિયર જવા તૈયારી કરવા લાગી....

દીપ્તિ પટેલ'શ્રીકૃપા',વડોદરા.

---

NOG સાહિત્ય સરિતા

NOG SS No ; 0039

વિષય - પ્રેમપત્ર

પ્રકાર - ગદ્ય

શબ્દો - ૨૯૫

પ્રિયે,

આજે બહુ દિવસે મેં મારા ભીતરને ખંખોળ્યું તો એક ખૂણામાં છુપાઈને બેઠેલો તું પ્રસન્ન નામે સાક્ષાત થઈ ગયો.આપણને વિખૂટા પડયાને કેટલાં વર્ષ થયાં તને યાદ છે પ્રસન્ન? બરાબર પાંચ વર્ષ.પાંચ વર્ષ પહેલાંની એ વેલેન્ટાઈન દિવસની સાંજને ભીતરમાં ભંડારીને જીવી રહી છું, તું ગયો એ દિવસથી સદાય આનંદથી છલકાતી રહેતી મારાં પર ઉદાસીન ઘનઘોર ઘટા મનોઆકાશમાં છવાયેલી જ રહે છે. જીવવાનું જીવંત નથી રહ્યું. ફરજો નિભાવવમાં સમય કાપુ છું.કોઈ જ ઈચ્છાઓ વગરની કટી પતંગની જેમ થોડા વાયરો સંગ હવામાં આમથી તેમ લહેરાતી રહું છું. ક્યારે પટકાઈ જઈશ એ નક્કી નહિ.

તું આગળ ભણવા માટે અમેરિકા જાય છે એવું કહીને ગયો. શરૂઆતમાં ફોન આવતાં પણ બાર મહિના પછી તારા કોઈ જ સમાચાર મળ્યા નથી. નમ્બર પણ તારો બદલાઈ ગયો અને એડ્રેસ પણ.

દર વર્ષે વાસંતી વાયરા, તારા પાછા આવવાની કે તારા ક્યારેક કોઈ સમાચાર આવશે એવી મારી રહી સહી ઈચ્છા એની સાથે ઉડાડી જાય છે.પ્રિયે, કાયમ વસંતે તું મારી લગોલગ આવી જાય છે.તારી યાદ સુષુપ્ત થઈ ગયેલી મનસાઓને જગાડી દે છે! અહીં ઉગતો ચંદ્ર તારે ત્યાં જુદા સમયે પણ ઉગતો'તો હોય જ.એની સાથે મનોમન કરેલી વાતો તને પહોંચાડે એવું હું એને રડતી આંખે વિનવું છું.તને શોધીને, આપણે સાથે જીવવાના, જીવનને જાણવાના અને માણવાનાં સપનાઓની તને યાદ અપાવે એવું હું એને વિનવું છું.કાશ! ક્યારેક તને ચંદ્ર સામે નિરાંતે જોવાની નવરાશ મળે અને મારી લાગણીઓ, સ્પંદનો ને મારી વિરહવ્યથા તને એના દ્વારા પહોંચી જાય એવું સતત ઝંખું છું. તારો મારી સાથે સતત હોવાનો આભાસ મને મરવા નથી દેતો! એક વર્ષ પહેલાં મારી માના મૃત્યુ પછી જીવન સમેટવાનો વિચાર અનેક વાર કર્યો પણ જીવનમાં એક વાર તને જોવાની, તને મળવાની, મારી તારા તરફ વહેતી પણ નહીં અનુભવાયેલી લાગણીઓને વ્યક્ત કરવાની મનસા મને મરતા રોકે છે.

આવી જા પ્રિય, આજના દિવસે જ આવીને મને ચોંકાવી જા, તું જ મારો પહેલો અને આખરી વેલેન્ટાઈન છું અને રહીશ.

લિ. તારી જ મૃગતૃષ્ણા.

પ્રફુલ્લા"પ્રસન્ના",અમદાવાદ

---

NOG SS NO.0031

વિષયઃ પ્રેમની અભિવ્યક્તિ

વિભાગઃ-ગદ્ય

પ્રકાર-ટૂંકી વાર્તા

શીર્ષકઃ-અનોખી ગિફ્ટ

અવની અને અચલ કોલેજનાં પ્રથમ વર્ષથી જ એકમેકના પ્રેમમાં ગળાડૂબ હતાં.બે વર્ષ પહેલાં લગ્ન કરી બંને એ પોતાના પ્રેમને સાર્થક કર્યો.

આ બે વર્ષમાં? આમ તો બંને વચ્ચે કોઇ વિવાદ ન હતો.પણ છેલ્લા થોડા સમયથી અમુક મિત્રોની સંગતથી અચલને મહિનામાં ચાર પાંચ દિવસ હોટેલમાં મિત્રો સાથે નોનવેજ ફૂડ લેવાની આદત પડી ગઇ હતી.અવનીને નાનપણથી જ પોતાના સ્વાદ માટે કોઇ નિર્દોષ પશુ પંખીને કાપી ખાય તેની પર સખત ચીડ હતી. તો તે પોતાના પતિની આ આદત કેમ સહન કરી શકે? તેણે બે ચાર વાર આ બાબત અચલને કહી જોયું, પણ અચલ તેની એ વાત પર કોઈ ધ્યાન જ ના આપતો.આખરે અવનીએ મનમાં કંઇક નક્કી કરી અચલને એ બાબત કહેવાનું જ છોડી દીધું.

આમ જ થોડા દિવસો પસાર થયા ત્યાં પ્રેમનું પર્વ એવું વેલેન્ટાઈન વીક શરૂ થયું.અવની અને અચલને આ દિવસોનો કોઈ અલગ જ આનંદ રહેતો.કેમકે આ સપ્તાહનો પહેલો જ દિવસ રોઝ ડે તે બંનેનો મેરેજ ડે હતો.એ દિવસ બંનેએ? ખૂબ આનંદથી? પસાર કર્યો.પ્રપ્રોઝ ડેના દિવસે સવારમાં જ અવનીએ ઘણાં દિવસોથી જે મનમાં નક્કી કરેલ હતું તે અચલને? કહ્યું,"અચલ પ્રેમના આ પર્વમાં આજ હું તને જે પ્રપ્રોઝ કરવા જઇ રહી છું તે બાબત તને કદાચ મંજૂર તો નહીં હોય તો પણ હું તને કહીશ.શું તું મને પ્રોમિસ આપી શકીશ કે તું હવેથી નોનવેજ ફૂડ લેવાનું બંધ કરીશ."

અવનીની આ પ્રપ્રોઝ સાંભળી હંમેશા મુજબ તેનો કોઇ પણ પ્રતિભાવ આપ્યા વગર અચલ ઓફિસ જતો રહ્યો.

આ પર્વના બીજા બે દિવસ બંને માટે સામાન્ય દિવસોની જેમ વિતી ગયા.પરંતુ પ્રોમિસ ડેના સાંજે ઘરે આવતા જ અચલે અવનીને ચોકલેટની મિઠાસ અને સુંદર ટેડીબેરની ભેટ આપી. અવનીને કહ્યું," અવની આજે હું તારી પ્રપ્રોઝ માન્ય રાખી તને પ્રોમિસ આપું છું કે હવેથી આજીવન હું ક્યારેય પણ નિર્દોષ પશુ પંખીને કાપી નહીં ખાઉ.આ તો હું તને પ્રોમિસ આપું છું વેલેન્ટાઈન્સ ડેની એક અનોખી ગિફ્ટતો હું તને તે દિવસ આપીશ." આ સાંભળી અવનીનાંચહેરા પર હર્ષ વ્યાપી ગયો.અને તે વેલેન્ટાઈન્સ ડેની અનોખી ગિફ્ટની રાહ જોવા લાગી.

વેલેન્ટાઈન્સ ડેના દિવસે સવારમાં જ અચલ અવનીની આતુરતાનો અંત લાવવા માંગતો હોય તેમ તેણે અવનીને એની આંખો બંધ કરી બંને હાથ પોતાની? સામે ધરવા કહ્યું.અવનીએ એમ કરતાં જ અચલે તેનાં હાથમાં એક એન્વેલેપ મૂકી આંખો ખોલવા કહ્યું.અવનીએ આંખો ખોલતાં જ પોતાના? હાથમાંનું એન્વેલેપ જોતા એ હસી પડી.હસતાં હસતાં તેણે અચલને કહ્યું,"અરે આ તો એક સામાન્ય એન્વેલેપ છે તો એમાં તે મને અનોખી ગિફ્ટ શું આપી?."

અચલે પણ મોં પર હાસ્ય લાવી અવનીને કહ્યું, "પહેલાં તું એ ખોલ પછી તું મને કહેજે કે આ ગિફ્ટ કેવી છે તે." અને અવની પોતાની? ગિફ્ટ જોવા હસતાં હસતાં એન્વેલેપ ખોલવા લાગી તેને હતું કે બહુ બહુ તો તેમાં અચલે લખેલો પ્રેમ પત્ર હશે.પણ એ ખોલતાં જ અવનીના આનંદની કોઇ સીમા ન રહી ખરેખર તેના વેલેન્ટાઈને તેને અનોખી ગિફ્ટ આપી હતી શહેરમાં ચાલતી વેગન કલબની બંનેનાં મેમ્બરશીપ કાડેની.

આમ અવની અને અચલે પોતાના પ્રેમની જેમ આ પ્રેમનું પર્વ પણ સાર્થક કર્યું.અને લોકોને એ સંદેશો પણ આપ્યો કે હજારો રૂપિયાની ગિફ્ટથી જ પ્રેમની અભિવ્યક્તિ થઇ શકે એવું નથી.પરંતું એકબીજાને જે ગમતું હોય તે એકબીજા માટે કરવું તે જ પ્રેમની સાચી અભિવ્યક્તિ છે.

મેઘલ કિશોરભાઇ ઉપાધ્યાય

'મેઘુ' રાજકોટ

---

ન્યુઝ ઓફ ગાંધીનગર

સાહિત્ય સરિતા(૧)

NOG SS No. : 0034

વિષય : પ્રેમપત્ર

પ્રકાર : ગદ્ય

શીર્ષક : પિયુને પત્ર

પત્ર લખ્યો પિયુના નામે,<br>
ના ઉત્તર આવ્યો, ના એ આવ્યો,<br>
એક હૃદયનાં સરનામે,<br>
ના ઉત્તર આવ્યો, ના એ આવ્યો.<br>
શાખ તૂટી આજ હૃદયવૃક્ષની,<br>
ભર વસંતનાં એ વાયરે,<br>
નામ ઘૂંટ્યું'તું શ્વાસે-શ્વાસે,<br>
ના ઉત્તર આવ્યો,ના એ આવ્યો.<br>
એ સ્વપ્ન મિલન અદ્ભૂત હતું,<br>
ફક્ત એ હતો ને હું હતી,<br>
તૂટ્યું શમણું અધ મધરાતે,<br>
ના ઉત્તર આવ્યો,ના એ આવ્યો.<br>
સૂરજ ઊગે ને વાટ નિરખું,<br>
અશ્રુ સારું અસ્ત સમયે,<br>
કંઈ કામ નથી કરવાને,<br>
ના ઉત્તર આવ્યો, ના એ આવ્યો.<br>
ઉઘડતી સવારની સાક્ષીએ,<br>
ચિઠ્ઠીઓ સઘળી મોકલી'તી,<br>
પ્રેમનો એકરાર પાને-પાને,<br>
ના ઉત્તર આવ્યો, ના એ આવ્યો.<br>
આંધી આવી એવી વિરહની,<br>
ના પ્રેમ રહ્યો,ના હું રહી શેષ,<br>
રહીએ છીએ સામે સામે,<br>
ના ઉત્તર આવ્યો, ના એ આવ્યો.

ડો. રેખા શાહ કચોરીયા

---

NOG SS No :..0073

પ્રકાર..ગદ્ય

શીર્ષક..પ્રેમનો એકરાર.

પ્રેમનો એકરાર..જેને આપણે પ્રપોઝ કહીએ છે,એ પ્રપોઝ પહેલાં પણ હતુંજ પણ આપણે એને કોઈ નામ નહોતું આપ્યું,મને ૩૨ વર્ષે પહેલા મારા હસબન્ડે બધાંની વચ્ચે મને કહ્યું કે,"તું મને ગમે છે ને મારે તારી સાથે લગ્ન કરવા છે"ત્યારે મારી ઉંમર ૧૮ વર્ષની હતી જયારે મને પ્રેમ શું કહેવાય એ કંઈજ ખબર ન હતી ત્યારે મને પહેલી વાર મારા હસબન્ડે પ્રપોઝ કર્યું હતું,

આજે મને જયારે પણ આ પ્રપોઝ ડે અથવા વેલેન્ટાઇડ ડે આવે ત્યારે હું મારા એ દિવસને યાદ કરું છું ને મનમાં વિચારું છું કે આવું તો મને વર્ષો પહેલા કીધું હતું બસ એની રીત નહોતી ખબર

પણ મારા હસબન્ડે આ વખતે આટલી

ઉંમરે પણ મને ફરી ગુલાબ અને દિલ આપી આજના જમાના પ્રમાણે પણ પ્રપોઝ કર્યું ત્યારે એવું લાગ્યું કે જિંદગી બહુજ ખૂબ સૂરત છે તમારે જીવવાની રીત બદલવાની જરૂર છે.

નયના પટેલ..વડોદરા.

### રાજીનામાનો પત્ર સોશિયલ મિડિયામા ફરતો થઇ ગયો

# નર્મદા જિલ્લા કોંગ્રેસ કાર્યકારી પ્રમુખનું રાજીનામુ

## પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ નિકુંજ પટેલને સમજાવવાનો પ્રયત્ન કર્યો છતા રાજીનામું પાછુ ના ખેંચાયું!

રાજપીપળા, તા૨૧

નર્મદા જિલ્લા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ નિકુંજ પટેલે પોતાના હોદ્દા અને કોંગ્રેસના સભ્ય પદેથી રાજીનામુ આપતા ચકચાર મચી જવા પામી હતી. તેમનો રાજીનામાનો પત્ર સોશિયલ મિડિયામા ફરતો થઇ ગયો હતો. નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ ચૂંટણીનો રંગ જામ્યો છે.આ વખતની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ, બિટીપી એમ ત્રિપાંખીયો જંગ જામશે ત્યારે નિકુંજ પટેલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાને રાજીનામું મોકલતા નર્મદા જિલ્લા કોંગ્રેસને એક મોટો ફટકો પડ્યો છે.

અત્રે એ ઉલ્લેખનિય છે કે ભૂતકાળમાં "પાટીદાર" આંદોલને સરકારની ઊંઘ હરામ કરી દીધી હતી, નર્મદા જિલ્લામાં નિકુંજ પટેલે જે તે વખતે "પાટીદાર" અનામત આંદોલનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.જેને પગલે કોંગ્રેસે એમને નર્મદા જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ તરીકેનું મહત્વનું પદ આપ્યું હતું, નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ ચુંટણીમાં પણ ભાજપનો સફાયો થયો હતો.

નર્મદા જિલ્લા કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ તરીકે રાજીનામુ આપનાર નિકુંજ પટેલ નાંદોદના ધારાસભ્ય પી.ડી.વસાવાના અંગત વ્યક્તિ પૈકીના એક હતા.નર્મદા જિલ્લા પંચાયત અને તમામ તાલુકા પંચાયતની ચૂંટણી માટે કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ ભરવાથી માંડી તમામ કામગીરીમાં નિકુંજ પટેલે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ફોર્મ ભરાયા બાદ એમને



એવું તો શું થયું કે એમણે પક્ષ છોડવાનો વારો આવ્યો.!ચર્ચાઓ તો એવી પણ છે કે કોંગ્રેસ સંગઠનથી તેઓ પોતે ટિકિટ વહેચણી બાદ નારાજ ચાલી રહ્યા હતા એ જ કારણે એમણે રાજીનામુ ધર્યુ હશે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ નર્મદા જિલ્લા કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ તરીકે રાજીનામાંનો પત્ર નિકુંજ પટેલે કોંગ્રેસના પ્રદેશ નેતાઓને મોકલી આપ્યો હતો.એ બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પોતે નિકુંજ પટેલ સાથે ટેલિફોનિક વાત કરી એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો, પોતે કેમ રાજીનામુ આપ્યું એ બાબતે નિકુંજ પટેલે અમિત ચાવડા સાથે સ્પષ્ટતા પણ કરી હતી.અમિત ચાવડાના મનાવવા છતાં નિકુંજ પટેલ રાજીનામું પરત ખેંચવા એક ના બે થયા ન હતા.

નર્મદા જિલ્લા કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ નિકુંજ પટેલે પ્રદેશ અધ્યક્ષ અમિતભાઈ ચાવડાને રાજીનામા પત્રમા જણાવ્યુ હતું કે હું નિકુંજ પટેલ નર્મદા જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ તરીકે છેલ્લા ૨ વર્ષથી ફરજ બજાવું છું.કોંગ્રેસ દ્વારા વખતો વખત મને ઘણી જવાબદારીઓ સોંપવામાં આવી હતી જે મેં નિષ્ઠાપૂર્વક નિભાવી પણ છે. કોંગ્રેસ દ્વારા મારી પર વિશ્વાસ મૂકી મને આટલી નાની ઉંમરમાં જિલ્લા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ તરીકેની જવાબદારી આપી એ બદલ હું કોંગ્રેસ પક્ષનો દીલથી ઋણી છું, પણ હવે હું કોંગ્રેસ પક્ષમાં મારૂ યોગદાન આપી શકુ એમ નથી, હું જવાબદારી પણ નિભાવી શકું એમ નથી.

હું મારા અંગત કારણોસર નર્મદા જિલ્લા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને કોંગ્રેસ પક્ષના સભ્ય તરીકે રાજીનામુ આપું છે જે સ્વીકારવા નમ્ર વિનંતી છે."

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની રાજપીપળામાં જંગી રેલી અને સભા છે.ત્યારે નર્મદા જિલ્લા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને સભ્ય પદેથી રાજીનામુ આપનાર નિકુંજ પટેલ પોતાના સમર્થકો સાથે સી.આર.પાટીલની હાજરીમાં ભાજપમાં જોડાશે એમ પણ જણાવ્યુ હતું. જેનાથી કોંગ્રેસ છાવણીમા સોપો પડી ગયો હતો.

તસવીર: જયોતી જગતાપ,રાજપીપળા

# કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલ સાયકલ પર સીલીન્ડર બાંધી મોંઘવારીનો વિરોધ કરવા શહેરના માર્ગો પર ફર્યા




અરવલ્લી બ્યુરો મોડાસા

હાલ કોરોના વૈશ્વીક મહામારી થી લોકોની હાલત કફોડી બની છે બીજીબાજુ અચ્છે દીનના વાયદા કરી કેન્દ્રમાં સત્તાધીશ ભાજપ મોંઘવારી નાથવામાં સંપૂર્ણ નિષ્ફળ રહેતા પેટ્રોલ-ડીઝલ અને ઘરેલુ ગેસના ભાવમાં સતત વધારો થઇ રહ્યો છે મોંઘવારીને લઈને અરવલ્લીના બાયડ અને માલપુર ના ધારાસભ્ય જશુ પટેલે અનોખો વિરોધ કર્યો. મોડાસા ખાતે પોતાના નિવાસસ્થાને થી જશુભાઇ પટેલ સાયકલના કેરિયર પર ગેસની બોટલ બાંધીને નિકળ્યા હતા અને શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને મોંઘવારીને લઈને વિરોધ પ્રદર્શન કર્યો. સીલીન્ડર પર કોંગ્રેસ લડે છે મોંઘવારી અને બેકારી થી ભાજપ લડે છે ધમકી અને પૈસાથીના બેનર લગાવી સાયકલ યાત્રા યોજાતા લોકોને રવિવારની રમૂજ જેવો માહોલ માણવા મળ્યો હતો

મોંઘવારી સહિતન અનેક મુદ્દાઓને લઇને હંમેશાં કંઈક અલગ રીતે વિરોધ પ્રદર્શન કરતા બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલે આ વખતે ગેસની બોટલ સાયકલ પર બાંધીને પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. હાલમાં જ પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવમાં થઇ રહેલા ભાવ વધારાને લઈને તેમણે સરકાર પર આક્ષેપો કર્યા હતા.મોડાસા શહેરમાં નગરપાલિકાની ચૂંટણીને લઇને આ વખતે ભાજપ કૉંગ્રેસની સાથે સાથે રૈંસ, આમ આદમી પાર્ટી તેમજ અપક્ષના ઉમેદવારો મેદાને છે ત્યારે ધારાસભ્ય જશુભાઈ પટેલએ અનોખી રીતે મોંઘવારી વિરોધ કરવાની સાથે કોંગ્રેસનો મોડાસા શહેરમાં પ્રચાર-પ્રસાર કરવાનો પ્રયત્ન કર્યો હતો એટલું જ નહી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં કૉંગ્રેસનો દબદબો હતો પરંતુ આ વર્ષે સમિકરણો બદલાવાની આશંકાને પગલે કૉંગ્રેસ પાર્ટી વિરોધ કરવાની રણનીતિ બનાવી રહી હોય તેવી પણ અટકળો તેજ થઇ છે, તો બીજી બાજુ કૉંગ્રેસના કાર્યકરો પક્ષ છોડી અન્ય પાર્ટીઓમાં જોડાઈ રહ્યા છે આ વચ્ચે કૉંગ્રેસ માટે પંચાયતની સીટ બચાવવા કવાયતો હાથ ધરી રહી હોય તેવું લાગી રહ્યું છે.. મોડાસા નગર પાલિકાની ચૂંટણીમાં કૉંગ્રેસને લાગતું હતું કે, કદાચ પાલિકામાં તેઓ સત્તા પર આવશે, પણ રૈંસ પાર્ટી હવે મેદાને ઉતરમાં શહેર કૉંગ્રેસમાં ગાબડું પડી જતાં કૉંગ્રેસની રણનીતિ પર પાણી ફરી વળે તો નવાઇ નહી... પણ હાલ તો મોંઘવારીને લઇને કૉંગ્રેસ પાર્ટીઓ વિરોધનો વંટોળ ચલાવ્યો છે, તે કેટલો કારાગાર સાબિત નીવડે છે, તે તો ચૂંટણી પછી જ ખ્યાલ આવી શકે છે પરંતુ હાલ તો ધારાસભ્ય જશુભાઇ પટેલની સાયકલ યાત્રાએ રવિવાર રમૂજ બનાવી દીધો હતો લોકોમાં પણ ધારાસભ્યના વિરોધ કરવાની રીત થી આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા અને તેમની સાયકલ યાત્રા જોવા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ધારાસભ્ય જશુભાઈ પટેલનો નુસ્ખો સફળ રહ્યો હતો

## કેસરિયા ખેસ અને ઝંડી ઓ સાથે બાઈક રેલી લોક આકર્ષણનું કેન્દ્ર બની

# ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલનું રાજપીપળામા આગમન થતા ભવ્ય સ્વાગત,રાજપીપળા નગરમા પાટિલનો ભવ્ય રોડ શો યોજાયો



સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી ના સ્ટાર પ્રચારક ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ પહેલી વાર રાજપીપળા પધારતા હેલિકોપ્ટર દ્વારા રાજપીપળા હેલિપેડ પર આવી પહોચતા ભાજપના વરિષ્ઠ આગેવાનો દ્વારા રહ્યા છે તેમનુ સ્વાગતકરાયુ હતું. ત્યાથી તેઓ શણગારેલ ખુલ્લી જીપમાં બેસી જતા તેમનો ભવ્ય રોડ શો નો પ્રારંભ થયો હતો. આજે રાજપીપલા ખાતે બપોરે ભીલ રાજાનો પ્રારમ્ભ કરાયો હતો. જેમા મોટી સંખ્યામા કાર્યકર્તાઓ જોડાયા હતા.આ રોડ શો સૂર્ય દરવાજા થી સ્ટેશન રોડ થઈને માં હરસિદ્ધિ ના આશીર્વાદ લઈને જિન કમ્પાઉન્ડમાં જાહેર સભા યોજાઇ હતી.

જેમાસાંસદ મનસુખભાઈ વસાવા,ગીતાબેન રાઠવા, જિલ્લા પ્રમુખ ઘનશ્યામ પટેલ પૂર્વ વન મંત્રી શબ્દ શરણ તડ્વિ તથાપાર્ટી ના કાર્યકર્તાઓ અને જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના તમામ ઉમેદવારો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા.ભાજપ કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરાયુ હતું.

સીઆર પાટીલે ભીલરાજાની પ્રતિમા પાસે પહોચી ભીલ રાજાને પ્રણામ કરી ફુલહાર કર્યા હતા.ત્યારબાદ તેઓ લાલટાવર પાસે પહોંચતા ત્યાં વોર્ડ ના આગેવાનો અને લઘુમતી સમાજદ્વારા પ્રદેશ અધ્યક્ષનું ફૂલ હાર થીસ્વાગત કરવામાં આવ્યુહતું..ત્યાંથીજ એક ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું. .જેમાં તાલુકા દીઠ ક્રમબદ્ધ બાઈક દવારા કોરોનાની ગાઈડલાઈન ને અનુસરીને વિશાળબાઈક રેલી નીકળી હતી.જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ કેસરિયો ધારણ કરીને જોડાયા હતા. રેલી આગળ સૂર્ય દરવાજા પહોંચતા ત્યાં રાજપુતસમાજ અને અન્ય ભાજપા નાકાર્યકરો દ્વારાપ્રદેશ અધ્યક્ષનું સ્વાગત કરવામાં આવ્યુ હતું..ત્યાંથી

રેલી સફેદ ટાવરે પહોંચી હતી.ત્યાં સ્થાનિકો અને ઉમેદવારો દ્વારા તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું .ત્યાંથી બ્રહ્મા કુમારી સેવાકેન્દ્ર પાસે અને નાગરિકબેંક પાસે ,અને માછીવાડ પાસે પણ ભવ્ય સ્વાગત કરવામા આવ્યું હતું. સ્વાગતબાદ સી.આર,પાટીલે બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પ માળા અર્પણ કરી હરસિદ્ધિમાતા મંદિરે જઈ. માતાજી ના દર્શન કર્યાહતા. માતાજી ના આશીર્વાદ લઇ

એપીએમસી ખાતે.પહોચી જાહેર સભામા ઉપસ્થિત રહી ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કર્યા હતા. જયા તેમનુસાંસદ મનસુખભાઈ વસાવા, જિલ્લા પ્રમુખ ઘનશ્યામ પટેલ સહિત ભાજપા ના આગેવાનોએ પ્રદેશ અધ્યક્ષનું ભવ્ય સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે મોટી સંખ્યા મા બુધ્ધિ જીવીઓ તથા અન્ય સમાજ ના લોકો. મોટી સંખ્યામા ભાજપા મા જોડાઇ જતા સિઆર પાટીલે તેમને ભાજપા નો ખેસ પહેરાવી ભાજપા મા પ્રવેશ કરાવી સૌને અભિનંદન પાઠવી ચૂંટણી ના કામ મા અને પ્રજા વિકાસ ના કામો મા લાગી જવા અનુરોધ કર્યો હતો.

રાજપીપળામાં.સીઆર પાટીલ ના સ્વાગત માટેસ્ટેશન રોડ પર આવતા તમામ મકાનો પરથી પુષ્પ વર્ષા પણ કરવામાં આવી હતી. સીઆર પાટીલની રેલી માટે ખાસ ખુલ્લી જીપ સજાવવામાં આવી હતી. આ જીપ ની પાછળ અને આગળ લગભગ ૪૦૦ બાઈક રેલીનો કાફલો જોડાયો હતો.. તથા જિલ્લાના કાર્યકર્તાઓ આ રેલીમાં જોડાયા હતા. જોકે કોરોનાની મહામારી વચ્ચે સાવચેતીના તમામ નિયમોનું પાલન પણ કરાયુ હતું.

તસવીરઃ જયોતિ , જગતાપ રાજપીપળા

# જિલ્લામાં સભા ભરવી કે બોલાવવા તેમજ સરઘસ પર પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

મોડાસા-

આગામી સમયમાં ખાનગી ઈનપુટોને ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૨૧ ફેબ્રુઆરી-૨૦૨૧ ના કલાક ૦૦-૦૦થી તા. ૭ માર્ચ-૨૦૨૧ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ .આર.જે. વલવી અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ ન કાઢવા પર પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા છે.આ હુકમ સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના કામે ઓજારો લઇ જતા ખેડૂતો, સરકારી કાર્યક્રમને લાગુ પડશે નહી. .

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ને કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## બહુચર્ચિત અરવલ્લી LCB દારૂ કાંડ

# રેંજ આઈજી અભય ચુડાસમાએ સાબરકાંઠા ડીવાયએસપીને સોંપતા તપાસનો ધમધમાટ શરૂ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી એલસીબી પોલીસે શુક્રવારે ગાજણ નજીકથી ટ્રકમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપી લીધા પછી કાયદેસરની કાર્યવાહી કરતા પહેલા ટ્રકમાંથી દારૂનું કટીંગ કરી ૭ પેટી દારૂ એલસીબી ઓફિસમાં જુદા-જુદા સ્થળે સંતાડી દીધો હતો એલસીબી પોલીસમાં ફરજ બજાવતા ઈમરાન ખોખર અને પ્રમોદ પંડ્યા નામના પોલીસ કર્મીઓ એસેન્ટ કારમાં ૧૦ પેટી વિદેશી દારૂ ભરી વહીવટદાર શાહરુખના પાયલોટીંગ સાથે દારૂનો વેપલો કરવા નીકળ્યા હતા કાર પલ્ટી જતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું પોલીસવડા સંજય ખરાત સમસમી ઉઠ્યા હતા અને ટાઉન પોલીસને એલસીબી પીઆઈ આર.કે.પરમાર અને ત્રણ પોલીસકર્મીઓ સામે ગુન્હો નોંધી ત્રણ કોન્સટેબલને સસ્પેન્ડ કરી દીધા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અરવલ્લી એલસીબી પોલીસે ખુદ દારૂનો વેપલો કરવાનું




શરૂ કરતા ખાખી પર ધબ્બો લાગ્યો હતો અરવલ્લી એલસીબીનું દારૂ કાંડ બહાર આવતા રેંજ આઈજી અભય ચુડાસમાએ સમગ્ર કેસની તપાસ તટસ્થ અને નિષ્પક્ષ થાય તે માટે અરવલ્લી પોલીસ પાસેથી તપાસ આંચકી લઈ સાબરકાંઠા ડીવાયએસપી સૂર્યવંશીને સોંપતા સ્થાનીક પોલીસમાં સન્નાટો છવાયો છે . ગાંધીનગર રેંજ આઈજી અભય ચુડાસમાએ અરવલ્લી એલસીબી પોલીસે શરૂ કરેલા દારૂના વેપલાનો પર્દાફાશ થયા બાદ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં બે પોલીસકર્મીઓ સામે અને ટાઉન પોલીસ સ્ટેશનમાં એલસીબી પીઆઇ આર કે પરમાર અને ત્રણ પોલીસ કર્મીઓ સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધાયો હતો બંને ગુન્હાની તપાસ અરવલ્લી પોલીસ પાસેથી આંચકી લઇ સાબરકાંઠા ડીવાયએસપી સૂર્યવંશીને સોંપતા ડીવાયએસપીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે રેંજ આઈજી અભય ચુડાસમાએ સતત ત્રીજી તપાસ સાબરકાંઠા પોલીસને સોંપતા અરવલ્લી પોલીસ માટે નાક વઢાયા જેવી સ્થીતી પેદા થઇ છે

# અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ૭ માર્ચ સુધી પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

મોડાસા-

આગામી સમયમાં ખાનગી ઈનપુટોને ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૨૧ ફેબ્રુઆરી -૨૦૨૧ ના કલાક ૦૦-૦૦થી તા. ૭ માર્ચ-૨૦૨૧ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ .આર.જે. વલવી અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા છે.

જેમાં શારીરીક ઈજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઇ શકે તેવા શસ્ત્રો જેવાકે દંડા, તલવાર, ભાલા,સોટા,બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઇ વસ્તુઓ લઇ જવા અંગે અથવા સાથે લઇને ફરવુ નહી, કોઇ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઇ જવા-ફરવા નહી,પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઇ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઇ જવી નહી, વ્યકિતઓ અથવા તેના તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલા કોઇપણ અધિકારીશ્રીઓ, શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી રાખતા વૃધ્ધ વ્યકિત તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનાર, સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઇ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ કોઇ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનુ આવશ્યક હોય, કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનેરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ, ખેતીના કામે ઓજારો લઇ જતા ખેડૂતો, સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં અધિકૃત વ્યકિતઓ, કોઇ પણ અંતિમયાત્રાને, લગ્નના વરઘોડામાં વરરાજાને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ

એક વર્ષની સજા થઇ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# રાજ્યમાં કોઈ પણ બાળક અને સગર્ભાને રસીથી વંચિત ન રાખવાનું મિશન

ગાંધીનગર,તા.૨૦

સઘન મિશન ઈન્દ્રધનુષ ૩.૦ અંતર્ગત રાજયવ્યાપી સાર્વત્રિક રસીકરણના કાર્યક્રમનો આરંભ કરવામાં આવશે. કોઈ પણ બાળક અને સગર્ભા વંચિત ન રહી જાય તે હેતુસર આરોગ્ય વિભાગ દ્વારા આ મિશન હાથ ધરાનાર છે. આ કાર્યક્રમનો બીજો રાઉન્ડ ૨૨ માર્ચ ૨૦૨૧થી શરૂ કરવામાં આવશે તેમ આરોગ્ય વિભાગે જણાવ્યુ છે. સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમનો ઉદ્દેશ્ય તમામ સગર્ભા માતા અને બાળકોને તેમની વયજૂથ મુજબની રસી સમયસર મળી જાય તે સુનિશ્ચિત કરવાનો છે. ૧૦ જેટલા ગંભીર રોગ જેવા કે ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ડીપ્થેરીયા, ઊટાટીયું, ધનુર, હીબ બેક્ટેરિયાથી થતા ન્યુમોનીયા, મગજનો તાવ જેવા રોગો, રોટા વાયરસથી થતા ઝાડા, ઓરી અને રૂબેલા સામે રક્ષિત કરી શકાય.

આરોગ્ય વિભાગે વધુમાં જણાવ્યા મુજબ મિશન ઈન્દ્રધનુષના મુખ્ય ઉદ્દેશ દેશના તમામ બે વર્ષથી નાની ઉમરના બાળકો અને સગર્ભા માતાઓને સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતગત આવરી લેવાનો છે. બે વર્ષથી વધુ ઉમરના બાળકોને પણ કોઈ પણ રસીકરણ સેશન પર રસીકરણ સેવાઓ પૂરી પાડવાનો છે. આ સમગ્ર પ્રક્રિયા અભિયાન સ્વરૂપે અમલીકરણ કરી રાજ્યમાં તેમજ દેશમાં સંપૂર્ણ રસીકરણનો વ્યાપ ૯૦% થી વધારી રોગમુક્ત સમાજ બને તે ઉદ્દેશ્ય છે. એ જ રીતે રાજય સરકારના સઘન મિશન ઈન્દ્રધનુષ ૩.૦ અંતર્ગત સંપૂર્ણ રસીકરણમાં નોંધપાત્ર વધારો થાય અને દેશના ખાસ વિસ્તારોમાં વંચિત રહેલા બાળકો અને સગર્ભા માતાઓને રસીકરણની સેવાઓ મળે તે સુનિશ્ચિત કરવાનો છે. સઘન મિશન ઈન્દ્રધનુષ ૩.૦ ના પ્રથમ રાઉન્ડની શરૂઆત ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૧થી અને બીજો રાઉન્ડ ૨૨ માર્ચ ૨૦૨૧ થી શરૂઆત કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરેક રાઉન્ડમાં ૧૫ દિવસ સુધી કરવામાં આવશે, જેમાં મમતા દિવસ, કોવિડ રસીકરણ અને રજાના દિવસો સિવાયના દિવસોમાં સેશન પ્લાન કરી રસીકરણની વ્યવસ્થા કરવામાં આવશે. દેશના ૨૫૦ જીલ્લાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આ અમલમાં કરવામાં આવે છે. જેમાં ગુજરાતના ૩૩ જીલ્લા અને ૮ કોર્પોરેશન વિસ્તારોમાં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ આ રસીકરણ કાર્યક્રમ યોજાશે. આ સઘન મિશન ઈન્દ્રધનુષ ૩.૦ અંતર્ગત પ્રથમ હરોળના આરોગ્ય કાર્યકરો દ્વારા શહેરી સ્લમ વિસ્તારો તેમજ અંતરિયાળ અને અતિ દુર્ગમ વિસ્તારો ઉપરાંત જનસમુદાયવાળી શહેરી ઝુંપડપટ્ટીઓ, ઇંટોના ભઠ્ઠાઓ, માછીમારોની વસતીઓ, બાંધકામના વિસ્તારો, ઈન્ડસ્ટ્રી વિસ્તારો, પહાડી વિસ્તારની વસાહતો વગેરે અને ઓછા રસીકરણ કવરેજ વાળા વિસ્તારોમાં ઘરે ઘરે જઈને રસીકરણ કરવામાં આવશે.

## નર્મદા જિલ્લામા કૂલ પોઝિટિવ કેસનો આંકડો ૧૮૭૪ પર પહોચ્યો

# આજે નર્મદા જિલ્લામા આજે કૂલ એકી સાથે સેલંબામા ૭ કેસ પોઝિટિવ આવતા ફફડાટ

રાજપીપલા, તા૨૧

આજે નર્મદા જિલ્લામાએક માત્ર સાગબારા તાલુકા ના સેલમ્બા ગામે એકી સાથે ૭ પોઝિટિવ કેસ નોંધાતા સેલમ્બા ગામમા ફફડાટ ફેલાયો છેજેમા આજના તમામ આરટીપીસીઆર ૦૭કેસ પોઝિટિવ આવ્યા છે . જયારે આજદિન સુધીમા કોવીદમાથી ૯૪૧અને કોવીદ કેર માથી ૯૧૬મળી કૂલ ૧૮૫૭ ને રજા આપી છે .આજે કુલઆરટી પીસી આરના ૦૧ ,અને એન્ટીજન ટેસ્ટ ના ૩૨૫ મળીકૂલ ૩૨૬ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે વડોદરા મોકલ્યા છે .આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ- ૩૧૫૪૬વ્યક્તિઓનું ડોર-ટુ-




ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના ૦૮દરદીઓ, તાવના ૦૫ દરદીઓ, ઝાડાના ૧૧ દરદીઓ સહિત કુલ-૨૪ જેટલા દરદીઓ ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી૧૦૦૦૫૩૨ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૩૬૫૬ લોકોને વિતરણ કરાઇ છે. .તસવીર :જ્યોતિ જગતાપ , રાજપીપલા

# મોડાસા નગરપાલિકામાં વોર્ડ.નં-૪ ના અપક્ષ ઉમેદવાર ભરત કડિયાને પ્રચંડ જનસમર્થન



અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારો એડીચોટી નું જોર લગાવી રહ્યા છે મોડાસા નગરપાલિકામાં છેલ્લા ૨૫ વર્ષથી ભાજપા સત્તાધીશ પાર્ટી રહી છે.પરંતુ આ વખતની ચૂંટણીમાં નો રિપીટ થીયેરી,વયમર્યાદા અને ભાજપના અગ્રણીઓએ ટીકીટ ફાળવણીમાં તેમના નજીકના ટેકેદારો કે તેમના સગા-સબંધીને ટીકીટ આપી હોવાના સુર વચ્ચે રાજકીય વિશ્લેષકોમાં મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોની પસંદગી ને લઈ કાચું કપાયું હોય તેવું માની રહ્યા છે મોડાસા શહેરમાં ભાજપનું વર્ચસ્વ ધરાવતા વોર્ડ.નં-૧ થી ૫ માં અપક્ષ ઉમેદવરોએ જંપલાવતા ભાજપ માટે નગરપલિકાની ચૂંટણી કપરા ચઢાણ સાબીત થઈ શકે છે મોડાસા નગરપાલિકાના વોર્ડ.નં-૪ માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવનાર ભરત કડિયાને તેમના મત વિસ્તારમાં પ્રચંડ જન સમર્થન મળતા ભાજપની ઉંઘ હરામ થઈ શકે છે મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ.નં-૧ થી ૪ ભાજપનો ગઢ રહ્યો છે ત્યારે વોર્ડ.નં-૪ માંથી ભાજપમાંથી ટીકીટ માંગનાર ભરત કડિયાને ટીકીટ નહીં મળતા અપક્ષ ઉમેદવારી નોંધાવી છે નગરપાલીકાની ચૂંટણીને ૭ દિવસનો સમય બાકી રહ્યો છે ત્યારે ચૂંટણીનો જંગ ચરમસીમાએ પહોંચ્યો છે રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવરો મતદારોને રીઝવવા મથામણ કરી રહ્યા છે વોર્ડ.નં-૪ માંથી અપક્ષ ઉમેદવાર ભરત કડિયાએ પ્રચાર માટે યોજેલી કાર-બાઈક રેલીમાં મોટી સંખ્યામાં લોકો સ્વયંભૂ જોડાયા હતા વોર્ડ.નં-૪ માં લોકચાહના ધરાવતા ભરત કડિયાને પ્રચારમાં મળી રહેલા જનસમર્થનના પગલે ભાજપમાં ભારે દોડધામ મચી છે વોર્ડ.નં-૪ ના અપક્ષ ઉમેદવાર ભરત કડિયાના જણાવ્યા અનુસાર, વોર્ડ.નં-૪ માં બાકી રહેલા વિકાસના કામો અને પ્રાથમીક સુવિધાઓ પુરી પાડવા અને તમામ લોકોને કોઈ પણ પ્રકારની હાલાકી ન પડે તે માટે સતત પ્રયત્નશીલ રહેશે અને તેમને પ્રચારમાં મળેલ લોકોના આવકાર માટે આભાર વ્યક્ત કરી વોર્ડ.નં-૪ માં ભવ્ય વિજય થશેનો હુંકાર કર્યો હતો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# વિશ્વ માતૃભાષા દિવસ નિમિતે સાહિત્ય સરિતા ગ્રુપની સાહિત્યિક રચનાઓ...આયોજક : પ્રદીપ રાવલ

## NOG SS No : 0044

વિશ્વ માતૃભાષા દિવસની શુભેચ્છા.

દરેકને પોતાની માતૃભાષા વહાલી. દુઃખની વાત કે આજની આપણી પેઢી આપણી ગુજરાતી ભાષાથી વિમુખ થઈ રહી છે. સંતાનો અંગ્રેજી માધ્યમમાં ભણી રહ્યા છે.આપણાં સંતાનો પરભાષી જીવનસાથી સાથે લગ્ન કરતાં હોવાથી પણ ગુજરાતી ભાષાનું વર્ચસ્વ ઘટી રહ્યું છે.

આવા સંજોગોમાં રણમાં મીઠી વીરડી સમાન આપણું ગૃપ કોઈ હરીફાઈ વિના સૌને લખવાની પ્રેરણા આપે છે અને આપણાં આદરણીય દાદીશા નિઃસ્વાર્થભાવે જોડણી સુધારી આપણું ભાષા પરનું પ્રભુત્વ વધારી રહ્યા છે તે વંદનીય છે.આવાં ગૃપમાં ખરેખર યુવા વર્ગ સામેલ થાય એ જરૂરી છે.

મારી માતૃભાષા ગુજરાતી ગર્વ છે ગુજરાતી હોવાનો.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

## NOG SS No :- 0022

વિષય : માતૃભાષાનું ગૌરવ
વિભાગ : ગદ્ય
પ્રકાર : વાર્તા
શીર્ષક : ગુજરાતી માધ્યમ
લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

"જગતની પહેલી ભાષા કઈ હતી તે હું જાણતો નથી, પણ જ્યારે જગતનો અંત થશે તે સમયે જે ભાષાઓ જીવતી હશે, તેમાંથી એક ગુજરાતી હશે." મનસુખલાલ મારડિયાના આ વિધાન સાથે જ મુંબઈના સર ફિરોજશા સભાખંડમાં તાળીઓ વાગવા માંડી.

મનસુખ મારડિયાએ પોતાના ચશ્મા લુછ્યા અને એક ગર્વિલા સ્મિત સાથે પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. મનસુખ મારડિયા પ્રસિદ્ધ ભાષાશાસ્ત્રી ગણાતાં આને તેમના ગુજરાતી ભાષા ઉપરના પ્રભુત્વને લીધે સાહિત્ય અને ભાષાનાં કાર્યક્રમોમાં તેમને મંચની શોભામાં અભિવૃદ્ધિ કરવા બોલાવવામાં આવતાં.

આજે ૨૧ ફેબ્રુઆરી, માતૃભાષા દિન નિમિત્તે આયોજિત કરવામાં આવેલા કાર્યક્રમમાં તેમણે માતૃભાષાનું ગૌરવ વધારતું વક્તવ્ય આપ્યું હતું.

પછી ઉદ્‌ઘોષક મંચ ઉપરથી જાહેરાત કરી,"આપ શ્રોતાઓમાંથી કોઈ માતૃભાષા વિશે કંઈ કહેવા માગતું હોય તો સ્વાગત છે. સભામાં સોપો પડી ગયો. અચાનક એક યુવક ઊભો થયો અને મનસુખ મારડિયાનો ચહેરો પડી ગયો.

તે યુવક મનસુખના ચરણસ્પર્શ કરીને ધ્વનિવર્ધક યંત્ર પાસે ગયો અને કહ્યું,"હેલો દોસ્તો, હું આજે મારી માતૃભાષા વિશે બે શબ્દો કહેવા માગું છું. હું છું રોહિત મનસુખ મારડિયા, ગુજરાતી ભાષાના પ્રખર ભાષાશાસ્ત્રી મનસુખ મારડિયાનો પુત્ર. હું તેમનો પુત્ર હોવા છતાં મને ફક્ત ગુજરાતી બોલતાં આવડે છે લખતાં આવડતું નથી. તેનું કારણ હું અંગ્રજી માધ્યમની શાળામાં ભણ્યો છું. જે થોડું વાંચી શકું છું તે મારી માતાના પ્રતાપે." તેના આ વિધાનથી સભામાં ચણભણાટ શરુ થઈ ગયો. આયોજકો અને મનસુખ મારડિયાનો ચહેરો પડી ગયો.

પણ રોહિત જાણે તે વાતથી બેખબર હોય તેમ તેણે પોતાનું વક્તવ્ય શરૂ રાખ્યું,"બધાંને આ વાતથી આશ્ચર્યનો ઝાટકો લાગ્યો હશે પણ આ સત્ય છે જેનાથી તમે મોં નહીં છુપાવી શકો. તમે જ વિચારો કે જે વ્યક્તિએ પોતાનું સંપૂર્ણ જીવન ગુજરાતી ભાષાને પ્રદાન કર્યું છે તેણે પોતાના પુત્રને અંગ્રેજી માધ્યમમાં ભણાવ્યો. તેનું મૂળ કારણ છે ગાડરિયો પ્રવાહ. આપણી ગુજરાતી ભાષા સાંસ્કૃતિક ભાષા, અલંકારોની ભાષા, ધંધામાં સૌથી વધુ ચાલતી ભાષા હોવાં છતાં આપણે શા માટે તેનાથી વિમુખ થઈ રહ્યા છીએ? હું કોઈ ભાષાને ઉતારી પાડવા નથી માગતો. દરેક ભાષાનું આગવું મહત્વ છે અને હું દરેક ભાષાને મહત્વ આપું છું કારણ દરેક ભાષા આખરે કોઈકની માતૃભાષા છે. પણ અહીં હું આ મંચ ઉપરથી જાહેર નિવેદન કરવા માગું છું કે તમે તમારા સંતાનો ને જુદી જુદી ભાષાનું જ્ઞાન આપો પણ પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ આપો, નહીંતર એ દિવસ દૂર નહીં હોય જ્યારે આપણી ભાષા પણ મરણપથારીએ હશે. હું રોહિત મનસુખ મારડિયા સોગંધ ખાઉં છું કે મારા પિતાએ ભલે લોકલાજ ખાતર અંગ્રેજી માધ્યમમાં ભણાવ્યો પણ હું મારા દીકરાને ગુજરાતી માધ્યમની શાળામાં ભણાવીશ. શું તમે તૈયાર છો?"

સંપૂર્ણ સભાખંડમાં તાળીઓનો ગડગડાટ થઈ ગયો અને મનસુખ મારડિયાના ચહેરા ઉપર ફરી ગર્વિલુ સ્મિત આવી ગયું.

જ્યોતિન્દ્ર મહેતા

---

## NOG SS NO:004

વિષયઃ વિશ્વ માતૃભાષા દિવસ
શીર્ષકઃ વિશ્વ માતૃભાષા

વિશ્વમાં બોલાતી માતૃભાષાઓને વંદન આજે દરેક દેશ પ્રજા અને તેની બોલાતી માતૃભાષા દિવસ ઉજવાય રહ્યો છે.

આપણાં ભારતમાં જ આપણે કેટ કેટલીય ભાષા બોલીએ છીએ, મૂળમાં બ્રહ્મા પુત્રી ★મા સરસ્વતીએ★ સંસ્કૃત, દેવનાગરી ભાષા સાથે સાથે દરેક દેશમાં વ્યવહાર સમજવામાં માનવી ને પશુપંખીથી જુદો પાડવા એક રૂપ આપ્યું તે ભાષાનું..પણ માનવે પણ તેમાં મારું મારું કરી માતૃભાષા શબ્દને જન્મ આપ્યો.

આપણે ત્યાં બોલાતી વિભિન્ન ભાષાઓને ન સમજી શકાય તો મહાત્મા ગાંધીએ આપણને રાષ્ટ્રભાષા તરીકે ★હિન્દી★ ભાષાનો વપરાશ કરવાનું સુચન કર્યું.તે અપનાવવા માટે પણ આજે કેટલાક રાજ્યો વિરોધ કરે છે.

અંગ્રેજી ભાષા એક માધ્યમ બની જઈ દેશવિદેશની પ્રજાને નજદીક લાવતી ગઈ.તો શું તે ભાષા નથી?તેનું પ્રભુત્વ છે આજે વિશ્વભરમાં.તો વાડા ન બાંધો. તેને પણ હું તો એક ભાષા તરીકે ★વંદન★ જ કરું છું. એક સરસ દાખલો આપું..અમેરીકામાં એક ભારતીય નાગરીક ઘરની બહાર નીકળ્યો. બહાર ઊભેલા સ્વીપરે કહ્યું,"ર્ફ્ક્ષ્ર્ દ્બહિજ્ઞ્ " ભારતીયની ભ્રકુટી ખેંચાય તે માતૃભાષાનાં હિમાયતી હતાં.એક વાત પૂછું દેશ એમનો અપનાવ્યો, ત્યાંની સરકારનાં કાયદા અપનાવ્યા અરે ત્યાંના ડોલર અપનાવ્યા.અભિમાનથી કહો છો મારો દીકરો તો અહીં વર્ષોથી સ્થાયી થયો છે, તો વિશ્વની ભાષા માટે કેમ આ પ્રતિક્રિયા..મિત્રો દરેક ભાષા તેમની માતૃભાષા જ છે.

તમને બધાંને થશે હું મારી માતૃભાષાને નથી ચાહતી..કે શું? મને તો ખૂબ પ્રેમ છે મારી માતૃભાષા માટે પણ મને બીજી ભાષામાટે કોઈ અણગમો પણ નથી.

હા! જરૂર કહીશ આજની યુવા પેઢીને બધી ભાષા શીખો પણ માતૃભાષાને ન વિસરો. દેશ વિદેશની ભાષા શીખો પણ ગર્વથી માતૃભાષા વિશ્વનાં ખૂણામાં રહીને પણ તમારા બાળકોને માહિતગાર કરો.બાળક જરૂર તમારા
બુજૂર્ગ સાથે પ્રેમનો ભાવ સમજી શકે. અંગ્રેજી,ફ્રેન્ચ કે જર્મની કે જાપાનીસ કે ઈટાલીયન ભાષા જ બોલે છે ને તે તેમની પણ માતૃભાષા છે. સ્વામી વિવેકાનંદ સર્વ ધર્મ સભાને અંગ્રેજીમાં જ સંબોધી હતી, તેમના ગુરુ રામકૃષ્ણ
પરમહંસજી પણ ભારતીય ધર્મ અંગ્રેજીમાં જ સમજાવ્યો હતો. મધરટેરેસા વિદેશી સ્ત્રી હતાં પણ ભારતની દરેક ભાષા જાણતાં હતાં..!

એકવાર ઋષિકેશ હું ગંગાકિનારે સવારે ૫.૩૦ વાગે બેઠી હતી, સુંદર સૂર્યોદય થઈ રહ્યો હતો.અચાનક એક ફ્રેન્ચ યુવતી મીરાંબાઈ જ જોઈલો. હાથમાં એકતારો, ગળામાં રૂદ્રાક્ષ હાથે ફૂલનાં કંગન અને તેણે મીરાંનાંએકપછી
પદો તેનાં સુંદર કંઠે ગાવા માંડ્યા હું તો દિગ્મૂઢ ! શું કહું ક્યાં ભાષાનું બંધન હતું ! અરે ! હું તો એને નત મસ્તક નમન કરવા સિવાય શબ્દ વિહિન રહી જ ન શકી. મને ત્યારે સમજાયું કે જો આપણી ભાષા એણે આટલા પ્રેમથી અપનાવી તો આપણે કેમ તેની ભાષાને ન અપનાવી શકીએ? તે દિવસે મને વિશ્વની સર્વે માતૃભાષા પર ને મા સરસ્વતિનો મહિમા સમજાય ગયો, મિત્રો.

તો મિત્રો આજે ★વિશ્વ માતૃભાષા દિન★છે જે મા સરસ્વતીનાં એક રૂપ છે. માટે સર્વ ભાષાને મારા સત સત વંદન છે.

જયશ્રી પટેલ

---

## NOG SS NO : 0095

શીર્ષક :- વિશ્વ માતૃભાષા દિવસ

આજના આ માતૃભાષા દિવસ નિમિત્તે આપ સૌ સ્વજનોને મારાં વંદન. ગુજરાતી આપણી માતૃભાષા. મને ગુજરાતી હોવાનો ખૂબજ ગર્વ છે. અને મારી માતૃભાષા ગુજરાતી છે , જે ભાષામાં એવી તાકાત હોય કે તમારા હૃદય નો વિચાર તમે સામેની વ્યક્તિને સચોટ રીતે સમજાવી શકો , જે ભાષામાં વિશાળ શબ્દભંડોળ હોય, એવી મારી માતૃભાષા થી હું સમાજમાં પણ મસ્તક ઉંચું લઈને જીવી શકી છું.

આપણે સૌ જાણીએ જ છીએ કે ગુજરાતી ભાષા નું શબ્દભંડોળ અંગ્રેજી કરતાં ઘણું વધારે છે. બાળક માતૃભાષામાં ભણતો હોય તો તેને શિક્ષણનો બોજ નહીં લાગે. આખી દુનિયાનાં નિષ્ણાતો માને છે કે શિક્ષણ તો માતૃભાષામાં જ હોવું જોઇએ. હાલ પણ આપણે જોઈએ તો આપણી આસપાસમાં જ ઉચ્ચ શિક્ષણ મેળવેલ ડોક્ટરો, એન્જિનિયર, વૈજ્ઞાનિક વગેરે માતૃભાષામાં જ ભણીને આગળ આવેલા છે.

" હું આજે વૈજ્ઞાનિક બની શક્યો છું, કારણકે હું મારી માતૃભાષા માં ભણ્યો છું. "

ડો.એ.પી.જે.અબ્દુલ કલામ

આ રહ્યું એનું જીવંત ઉદાહરણ. બાળક જ્યારે માતાનાં ગર્ભમાં હોય છે ત્યારથી જ તે પોતાની માતૃભાષા સાંભળતું હોય છે. અને જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ બોલતાં પણ શીખે છે. તેને વ્યાકરણ શીખવવું પડતું નથી. પણ તેની આસપાસ નું વાતાવરણ જ એને અનુરૂપ હોવાથી બાળક એમાંથી જ શીખતો જાય છે. આજ છે એનું પાયાનું ઘડતર. શાળામાં જતાં જ બાળક જો અંગ્રેજી માધ્યમમાં ભણશે તો તેને કાવ્ય કે ગીત ગોખવા પડે છે. એનો અર્થ કે ભાવ નથી સમજતો. જ્યારે ગુજરાતમાં ગવાતાં બાળગીતો જેમ કે...

" હાથી ભાઈ તો જાડા..." તો આવાં ગીતોને અભિનય કે હાવભાવથી જ બાળક હોંશે હોંશે ગાવા લાગશે. આમ આ ગુણ બાળકમાં માત્ર માતૃભાષામાં જ શિક્ષણથી મળી શકે છે. માતૃભાષા માં જ્ઞાન લેતો માનવી વિચારશીલ અને વિદ્વાન બની શકે છે. આજે મને એ વાતનું પણ ગર્વ છે કે મેં મારાં સંતાનોને માતૃભાષામાં જ શિક્ષણ અપાવ્યું છે અને એ પણ એક એવી સંસ્થા કે જેનો પાયો શ્રી ગિજુભાઈ બધેકા અને શ્રી નાનાભાઈ ભટ્ટે નાંખેલો છે જે સંસ્થા છે .

" શ્રી દક્ષિણામૂર્તિ વિનયમંદિર .ભાવનગર.

"અને બીજો ગર્વ મને એ છે કે હું આજ સંસ્થામાં બત્રીસ વર્ષ નોકરી કરીને મારી માતૃભાષાનાં જ્ઞાન ને બાળકોમાં સમર્પિત કરી શકી છું.

" બાળકનાં દેહનાં વિકાસ માટે જેમ માતાનું દૂધ સ્વાભાવિક છે તેમ તેના મગજનાં વિકાસ માટે માતૃભાષાનું જ્ઞાન સ્વાભાવિક છે. "

ગાંધીજી.

માતા, માતૃભાષા અને માતૃભૂમિને આજનાં દિવસે વંદન.

દીપિકા ચાવડા. ' તાપસી '

---

## NOG SS NO . 0055

વિષયઃ માતૃભાષા દિવસ
પ્રકાર : ગદ્ય
ચિંતન કણિકા

આજના દિવસે ગુજરાતી ભાષા માટે અને ગુજરાતી હોવા માટે ગૌરવ થાય તે સ્વાભાવિક છે , થવું જ જોઈએ...અને રચનાઓ પણ કેટલી? અભિવ્યક્તિ પણ કેટલી? પે ' લું...કહ્યું છે ને કે...." ગણ્યા ગણાય નહી અને વીણ્યા વીણાય નહી.. " એટલા વિચારો અને શબ્દો...

માતૃભાષાને કોણ પ્રેમ નહી કરતું હોય? કદાચ કોઈ એવો પેદા નહી થયો હોય , પરંતુ સવાલ એ છે કે ગુજરાતી માધ્યમની શાળાઓ બંધ કેમ થઈ રહી છે? શું આ પ્રેમ સાહિત્ય પૂરતો જ સીમિત છે?

કોણ પોતાના બાળકોને ઇંગ્લિશ માધ્યમ ના બદલે ગુજરાતી માધ્યમ કે મરાઠી માધ્યમની શાળાઓ દ્વારા શિક્ષણ અપાવવા માંગે છે?

સવાલ નાનો છે પણ વિચારવા જેવો જરૂર છે........ જો તમને ખબર હોય તો કહેશો

શ્રદ્ધા ભટ્ટ ,વાપી

---

## NOG SS No : 0001

(મને ગમતી કૃષ્ણ દવે ની રચના)
(માતૃભાષા દિવસ)

મોર્ડન મમ્મી !
(ચેતવણી-માત્ર દેખાદેખીને કારણે બાળકોની પાછળ પડી જતી મમ્મીઓ માટે જ)
મોર્ડન મમ્મીનો ભારે ત્રાસ છે
રહેવાનુ રાખ્યું છે અહિયાં ગુજરાતમાં ને
લેવાતા ઇંગ્લિશમાં શ્વાસ છે
મોર્ડન મમ્મીનો ભારે ત્રાસ છે
વેકઅપ,ક્વીક,ફાસ્ટ ચલો ઝટ્ટ કરો બ્રશ
એન્ડ ઈટ ધીસ પોટેટો ચિપ્સ
ઓલરેડી ઓનલાઇન ક્લાસ ઈઝ સ્ટાર્ટ કેમ ભૂલી જાય રોજ મારી ટિપ્સ ?
દાદીમા બોલ્યા કે ધીમે જરાક,ત્યાં તો મમ્મી ક્યે નોટિ,બદમાશ છે
મોર્ડન મમ્મીનો ભારે ત્રાસ છે
સાયન્સ કે મેથ્સમાં કે ઇંગ્લિશ કે ગમ્મે ત્યાં
માર્કસ એક ઓછો ના ચાલે
મોર્ડન મમ્મીઓ તો જીનીયસ બનાવવાના
સપનામાં રાત દિવસ મ્હાલે
લેફ્ટ રાઇટ લેવાતા બાળકનેલ્હાય લાગે કે
ચોવીસ કલ્લાક એના ક્લાસ છે
મોર્ડન મમ્મીનો ભારે ત્રાસ છે
નાનકડું પંખી પણ પોતાની પાંખોથી રાખે છે
ઉડવાની આશા બાળકનેલ્હાય થાય કેમ
બોલી શકાય નહીં દાદા ને દાદીની ભાષા
? મા કરતાં મામીની બોલબાલા હોય એવા
પીંજરામાં આખ્ખું આકાશ છે
મોર્ડન મમ્મીનો ભારે ત્રાસ છે

કૃષ્ણ દવે

પ્રદીપ રાવલ. સંચાલક

---

## NOG SS No : 0077

વિભાગઃપદ્ય મૌલિક
વષયઃમાતૃભાષાનું ગૌરવ
શબ્દઃએમ કેમ..

એક ભાઈ નામે પ્રશ્નોરા ,
પુછતાં રહેતાં પ્રશ્નો
અદકેરાં...!
ગુજરાતી ભાષાના
હિમાયતી,
પોતાની માતૃભાષા ઘણી ગમતી ..!
અંગ્રેજી પર
ચઢતી ચીડ ઘણી ,
અંગ્રેજી શબ્દો સાંભળી ભાગે ઘર ભણી..!
એમને ન સમજાતું
કે પીયુટી પુટ
તો સીયુટી કટ...
એમ કેમ ...?
વાઈફ અને નાઈફ સરખું
બોલાય પણ,
નાઈફમાં કે નો ઉચ્ચાર
ના બોલાય...!
એમ કેમ..?
કાકી,મામી,માસી
બધાંય માટે આંટી,
કાકા,મામા,માસા
બધાય માટે અંકલ..!
દરેક સંબંધોથી રચાતી
ગરિમા અલગ,
તો ય એકજ શબ્દથી સંબંધ બધાંય
લગોલગ ...?
એમ કેમ..?
ગુજરાતી તો મારી મીઠડી ભાષા,
બારગાઉ એ બદલાતી
ભાષા...!
તો ય એનાં સંદર્ભો હેમખેમ,
ગુજરાતી ભાષામાં
જ એમ કેમ..?
ભાષા મારી ગુજરાતી
અલગારી,
હું છેલછબીલો ગુજરાતી...!

ઋતંભરા વિશ્વજીત ઋત્વિશ્વ

---

## NGO સાહિત્ય સરિતા ( ૧ )

## NOG SS No.- 0032

વિશ્વ માતૃભાષા દિવસ
હું ગુજરાતી હું ગુજરાતની,
હું ગુજરાતણ મારી ભાષા ગુજરાતી.
જયાં ન પહોંચે કોઈ ત્યા પહોંચે ગુજરાતી.
હું ગુજરાતી મારી માતૃભાષા ગુજરાતી.
ગૌરવ મારા ગુજરાતનું અને ભાષા ગુજરાતીનું.
હું સેવાભાવી જનસેવા એજ પ્રભુસેવા.
હું ગુજરાતી મારું ગમતીલું ગુજરાત.
ઠેર ઠેર સંભળાતી ભાષા ગુજરાતી.
હું તો બોલું કક્કો અને બારાક્ષરી ,
કખગઘચછજ અને કકાકિકીકુકૂ
આજ ગુજરાતીનો સૂર ગાજે ગુજરાતમાં.
રણકો મારા ગુજરાતનો સમગ્ર દેશમાં.
જનસેવા એજ પ્રભુસેવા.
અહીં સાબરમતી , અહી તાપી
અહી મહી , અહી નર્મદા..
અહી પર્વતોની હારમાળા
રણકો મારા ગુજરાતનો સમગ્ર દેશમાં.
જનસેવા એજ પ્રભુસેવા.
જય સોમનાથ, જય દ્વારકાધિશ
જય ગણપતપુરા ,જય શંખલપુર
ઠેર ઠેર યાત્રા તીર્થ ધામ...
એવી મારી ગુજરાતની ધરતી
જય જય ગરવી ગુજરાત
રણકો મારા ગુજરાતનો સમગ્ર દેશમાં
જનસેવા એજ પ્રભુસેવા.
જ્યા જન્મ્યાછે કવિ નરસિંહમહેતા
કવિ કલાપી કવિ નર્મદ અને મીરાબાઇ...
ઈ પવિત્ર પાવન ભૂમીને સલામ.
જય જય ગરવી ગુજરાત
રણકો મારા ગુજરાતનો સમગ્ર દેશમાં.
જનસેવા એજ પ્રભુસેવા.
આજ સંગીતની દુનિયામાં પણ વાગે સારેગમપ.
મીઠી લાગે છે અમારી માતૃભૂમિ અને માતૃભાષા .
લહેકોછે અમારી ગુજરાતીમાં , જનસેવા એજ
પ્રભુસેવા આપણાં દેશનું રાષ્ટ્રગીત
પણ ગુજરાતી .. જનગણમન.
જનસેવા એજ પ્રભુસેવામીના માંગરોલીયા મીનુ. અમદાવાદ.

---

## NOG SS NO:0019

માતૃભાષા
કયાંક એવું તો નહી બને ને કે
વીસ પચ્ચીસ વરસ પછી
આપણે માતૃભાષા ગુજરાતી
બચાવવાની ચર્ચા પણ
અંગ્રેજીમાં કરવી પડશે?
કમ્પ્યુટરના કાળઝાળ યુગમાં
કકાનો સ્વાદ સુક્કો
થાતો જાય છે, બારખડી
રીતસર પોતાના અસ્તિત્વને
ટકાવવા માટે લડી રહી છે.
ક–
કલમનો ‘ક
ખરેખર ઘાયલ થઇ ગયો છે
કોઇ તો મલમ ચોપડો,,
ખ–
ખડીયાનાં ‘ખ
ની શ્યાહી ખૂટી ગઈ છે.
ગ–
ગણપતિને બદલે ગેમ, ગુગલનો
‘ગ ગોખાતો જાય છે.
ઘ–
અમે બે અને અમારા એક
ઉપર ઘરનો ‘ઘ
પૂર્ણવિરામ પામી ગયો છે.
ચ–
ચકલીનો ‘ચ ખોવાઇ
ગયો છે મોબાઇલના
ટાવરો વચ્ચે....
છ
છત્રીના ‘છ ઉપર જ
માતૃભાષાને પ્રેમ કરનારા
લોકોનો વરસાદ
ઓછો થઇ ગયો છે.
જ –
જમરૂખનો જ જંકફૂડમાં
ફુગાઇ ગયેલા ખમણ જેવા
બચ્ચાઓ જન્માવી રહ્યો છે.
ટ –
ટપાલીનો ‘ટ તો ટેબ્લેટ
અને ટવીટરના યુગમાં
ટીંગાય ગયો છે.,,,,
એક જમાનામાં ટપાલીની
રાહ આખુ ગામ જોતુ હતુ,
હવે આખા ગામની રાહ
ટપાલી જોવે છે કે કોક તો
ટપાલ લખશે હજુ,,,?
ઠ– ઠળિયા થૂંકી થૂંકીને
બોર ખાતી આખી પેઢીને
બજારમાંથી કોઇ
અપહરણ કરી ગ્યુ છે.
ડ–
ડગલા તરફ કોઇએ ધ્યાન
નથી દીધુ એટલે ઇ
મનોચિકિત્સકની દવા
લઇ રહ્યો છે.
ઢ–
એ.સી.સ્કૂલોમાં ભણતા
આજના બચ્ચાઓને
પાણાના ઢગલાના ‘ઢ
ની સ્હેજ પણ કિંમત નથી.
ણ–
ની ફેણ લોહી લુહાણ
થઇ ગઇ છે પણ કોઇને
લૂંછવાનો સમય કયાં,,?
ત–
વીરરસનો લોહી તરસ્યો
તલવારનો ‘ત હવે માત્ર
વાર્ષિકોત્સવના રાસમાં
કયાંક કયાંક દેખાય છે,,
થ–
થડનો ‘થ થપ્પાદાવમાં
રીસાઇને સંતાઇ ગયો છે
કારણ કે એ સંતાનો થડ
મુકીને કલમની ડાળીએ
ચોંટયા છે,,,
દ –
દડાનો ‘દ માં કોઇએ
પંચર પાડી દીધુ છે એટલે
બિચાકડો દડો દવાખાનામાં છેલ્લા શ્વાસ પર છે,,
ધ–
ધજાનો ‘ધ ધરમની
ધંધાદારી દુકાનોથી અને
ધર્મના નામે થતા હુલ્લડો
જોઇને મોજથી નહી પણ
ડરી ડરીને ફફડી રહ્યો છે.,,
ન–
ઇલેક્ટ્રોનિક આરતીની વચ્ચે
નગારાના ‘ન નો અવાજ
સંભળાય છે કોને,,?
પ–
પતંગનો ‘પ તો બહુ મોટો
માણસ થઇ ગયો છે અને
હવે પાંચસો કરોડના
કાઇટ ફેસ્ટીવલ નામે
ઓળખાય છે.,,
ફ–
L.E.D. લાઇટના
અજવાળામાં ફાનસનો ‘ફ
માત્ર ફેસબુક પર દેખાય છે.
બ–
બુલફાઇટના ક્રેઝની વચ્ચે
બકરીના ‘બ નો બધાયે
બેન્ડ વાળી દીધો છે.,,
ભ –
મોબાઇલ અને કમ્પ્યુટરની
અદ્યતન રમતો,
ભમરડાના ‘ભ ને
ભરખી ગઇ છે.
મ–
મરચાનો ‘મ હવે કેપ્સીકમ
થઇ ગયો છે ને મોબાઇલના
સ્કીન સેવર પર ડોકાયા કરે છે.
ય–
ગાયને ગાયનો ‘ય બંને
બિચારા થઇને કત્તલખાને
રોજ કપાયા કરે છે.
ર–
રમતનો ‘ર તો સિમેન્ટના
જંગલો જેવા શહેરોની સાંકડી ગલીઓમાં
અને ઉંચા ઉંચા ફ્લેટની સીડીઓ ઉતરતાં-
ઉતરતાં જ ગુજરી ગયો છે.,,
લ–
લખોટીનો ‘લ તો ભેદી રીતે પલાયન છે,
કોઇને મળે તો કહેજો.,,
વ–
વહાણના ‘વ એ તો કદાચ
હાજી કાસમની વીજળી સાથે જ
જળ સમાધિ લઇ લીધી છે.
સ–
સગડીનો ‘સ માં કોલસા
ખૂટી જવાની અણી માથે છે.,,
શ –
એટલે જ કદાચ શકોરાના
‘શ ને શિકસ્ત પામતી નવી પેઢીને
માતૃભાષા બચાવવાની ભીખ માંગવાની
નોબત આવી છે.
ષ–
ફાડીયા ‘ષ એ તો ભાષાવાદ,
કોમવાદ એ પ્રદેશવાદના
દ્રશ્યો જોઇને છાનો મૂનો
આપઘાત કરી લીધો છે.,,
હ–
હળનો હ તો વેચાય ગ્યો છે
અને એની જમીન ઉપર
મોટા મોટા મોંઘા
મોલ ખડકાય ગ્યા છે.,,
ળ
પહેલા એમ લાગતું હતું કે
એક ળ જ કોઇનો નથી.
પરંતુ હવે એમ લાગે છે કે
જાણે આખી બારાખડી જ
અનાથ થઇ ગઇ છે.,,
ક્ષ/જ્ઞ –
ક્ષાત્રત્વની જેમ માતૃભાષાના
રખોપા કરવાનો જ્ઞાનયજ્ઞ
કયા ચોઘડીયે
શરૂ કરીશું આપણે સૌ ,,,?
આવો ઘાયલ થઇ ગયેલી
ગુજરાતીને ફરી સજીવન કરીએ,
બેઠી કરીએ, પ્રેમથી પોંખીએ.
ગુજરાતી બોલીએ,
ગુજરાતી વાંચીએ,
નવી પેઢીને ગુજરાતીમાં
ભણાવીએ અને એક સાચા
ગુજરાતી તરીકે જીવીએ
(સૌજન્ય )અજ્ઞાત
કલ્પનાબેન ત્રિવેદી

---

## NOG SS NO : 0026

માતૃભાષા - મારા વિચારો.
અછાંદસ.

પૃથ્વીનાં ગાલ પર લખાયેલા ગુલાબી ગીત સમી મારી માતૃભાષા.

મારી "મા" નાં હાલરડાંમાં ગવાયેલું અમી ભરેલું મધુરમ્ ગીત સમી મારી માતૃભાષા.

ઊભા, પાકેલાં મોલ ભર્યા ખેતરમાં ઝૂલતાં ડોડલાંઓ માંથી લ્હેરાતાં પવનનું સંગીત સમી મારી માતૃભાષા.

કુંવારી કન્યાએ લખેલાં કોડભર્યા પ્રેમ પત્રોમાં, ગુલમહોર જેવાં શબ્દોની ઉભરતી પ્રીત, એ જ મારી માતૃભાષા.

ફાગણમાં હોળીના રંગ થી રંગાયેલા લાલ, પીળા, વાદળી રંગોની અસર સમું સ્મિત એ જ મારી માતૃભાષા.

મારા ગામના પાદરથી વહેતી નદીનાં પાણીની છોળોમાંથી ઉભરતું એક મહાકાવ્ય જેવું સંગીત, એ જ મારી માતૃભાષા.

,,ાંધી, સરદાર દ્વારા બોલાયેલી સ્વાતંત્ર્યતાની સ્વર્ણિમ ભાષાની રીત, એ જ મારી માતૃભાષા.

ઝળહળતી, સદાયે ચમકતી આ રૂપેરી આકાશે, એક લિપિ વંચાય અસ્ખલિત, એ જ મારી માતૃભાષા.

મારા ભાગ્યને કંકુવરણાં અક્ષરોથી શણગારતી, નવનીત, એ જ મારી માતૃભાષા.

અંજના ગાંધી "મૌનુ" વડોદરા

---

## NOG SS No : 0015

માતૃભાષા દિવસ
શીર્ષકઃ- મારી ભાષા ગુજરાતી

મારા ગુજરાત તણી આ વાત નિરાળી
ગુજરાત વસે જ્યાં એક વસે ગુજરાતી.
રણ,જંગલ,પર્વત ને સરિતા છલકાતી
કાયમ રહેતી જોને મોસમ મલકાતી.
સિંહ જેવા નર, કેવી નારી મર્દાની
વાતો સાંભળતા ફૂલે ગદગદ છાતી.
ગામ, શહેર વળી કેવા નગર રૂપાળાં
શૂરા સાવજડા ખાંભીએ ખોડાણા.
સંતો, ખાખી, પીર ફકીરો મસ્તાની
દેવોના દૂત મળે હા અલમસ્તાની.
દાતારી, ધર્મ ,ખુમારી જો વખણાતી
જગ આખામા એની વાતો કહેવાતી.
છાતી ઠોકી બોલે જેના નર નારી
હું ગુજરાતી મારી ભાષા ગુજરાતી.

મેહુલ ત્રિવેદી ખેરાળી

---

## NOG SS.NO ,0094

વિષય. માતૃભાષા દિવસ??

જન્મતાની સાથે હિંચોળી મુજ ને એ
પ્યારી માતૃભાષા મારી હીંચકે રેશમ ડોરી
બની એજ માતૃભાષા મારી.
બોલચાલ શિખવી મુજ ને
એ જ માતૃભાષા મારી.
પગલે પગલે બોલી હું
એ માતૃભાષા મારી.
લખી રસિક.કવિ કવયિત્રીઓએ
એ જ માતૃભાષા મારી.નરસિંહ,
મીરા,ઉમશંકરે શોભાવી એ માતૃભાષા મારી..
જ્ઞાનની અવિરત ગંગા
અસ્ખલિત વહેતી..મુજ
સાફલ્ય જીવને
એ જ માતૃભાષા મારી.
પરોઢનુ પ્રભાતિયુ કે વેદનાની વાણી
એ માતૃભાષા મારી.
લાડલી ગોવર્ધન,ઉમાશંકર,
નરસિંહ મીરાંની
એ માતૃભાષા મારી.
અધિકાધિક પ્રેમાળ મારી
માવડી અને માતૃભાષા મારી.
વંદન માવડી અને માતૃભાષા ને ...દિસે
ચોમેર અદકેરી
એ જ માતૃભાષા મારી.
પરેશા ભટ્ટ.

---

## NOG સાહિત્ય સરિતા ૧.

## NOG SS NO. 0060

વિષયઃ વિશ્વ માતૃભાષા દિવસ.
પ્રકારઃ પદ્ય. અછાંદસ.
શીર્ષકઃ વંદન તને...

વંદન તને માતૃભાષા ગુજરાતી
સંસ્કારે સદીઓથી સચવાણી,
સ્નેહની અવિરત સરવાણી,
ગદ્યરૂપે ગ્રંથોમાં સચવાણી,
પદ્યરૂપે કવિ – કલમે સમાણી,
લોકસાહિત્યરૂપે લોક – મુખે ગવાણી,
ખળ ખળ વહેતી સરિતા સમાણી,
આભ અટારીએ અરુણિમ રંગો પાથરતી,
બની પંખી મીઠું ટહુકતી,
ફૂલો થઈ ઉપવનમાં ફોરતી,
વાસંતી વાયરો થઈ લહેરાતી,
કુમળી કળીઓ થઈ કોળતી,
રુધિર - સમ નસ નસમાં વહેતી,
મનોર્મિઓ ને વહાવતી વારિણી,
સ્પંદન મારાં સુપેરે સજાવતી,
મધુર નાદે દિલ ડોલાવતી,
જનની સમ મુજને જાળવતી,
ફરી ફરી કરું વંદન તને હું,
મારી માતૃભાષા ગુજરાતી,
વ્હાલી માતૃભાષા ગુજરાતી,
ભગવતી પંચમતિયા ‘રોશની